સુવિચાર
"નદીનાં પાણી નીચે જેમ રેત હોય છે, એમ માની આંખના પાણી નીચે હેત હોય છે."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૭/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અષાઢ સુદ-૩ વર્ષ : ૧૭ અંક : ૧૮૩

## શહેરને સુવર્ણનગરી બનાવવાનાં ધ્યેય સાથે ધારાસભ્ય કસવાલાનું વધુ એક કદમ

# ભૈ વાહ : સાવરકુંડલામાં રૂપિયા ૯ કરોડનાં ખર્ચથી વિકાસ કાર્યો કરાશે

**સરદાર પટેલની વિશાળ કદની પ્રતિમાનું નિર્માણ કરવામાં આવશે**

**આધુનિક પોલીસ ચોકી પણ બનાવવાનું શરૂ કરાયું**

**પાલિકાને નવા ફાયર વોટર બ્રાઉઝરની ભેટ આપી તેનું લોકાર્પણ કરાયું**

**ધારાસભ્ય મહેશ કસવાલા, એસપી સંજય ખરાત પણ લોકાર્પણ, ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જોડાયા**














સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેર માટે વિકાસના ઇતિહાસમાં વધુ એક ગૌરવપૂર્ણ અધ્યાય ઉમેરાવા જઈ રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં અંદાજે ૯ કરોડના વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યુ. આ વિકાસકાર્યો માત્ર ભૌતિક સુવિધાઓ પૂરતા મર્યાદિત નથી, પરંતુ શહેરના ગૌરવ, સુરક્ષા, સૌંદર્ય, સ્વચ્છતા અને ભવિષ્યને નવી ઓળખ આપનારા સાબિત થશે.

આ પ્રસંગે અખંડ ભારત સર્કલ ખાતે લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમા અને સરદાર ચોકના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામા આવ્યુ દેશની એકતા અને અખંડિતતાના શિલ્પીને સમર્પિત આ સ્મારક આવનારી પેઢીઓને રાષ્ટ્રપ્રેમ અને એકતાની પ્રેરણા આપતું પ્રતીક બનશે.

આ ઉપરાંત, શહેરના શૈક્ષણિક કેન્દ્ર તરીકે ઓળખાતા વિસ્તારમાં આધુનિક ડિજિટલ સુવિધાઓથી સજ્જ પોલીસ ચોકીનું ખાતમુહૂર્ત પણ યોજાયુ. અદ્યતન ટેકનોલોજી અને આધુનિક સુવિધાઓથી સજ્જ આ પોલીસ ચોકી કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

અનુસંધાન પાના ૬ ઉપર

## નાની ધારીથી ઇંગોરાળા ગામ વચ્ચે બનાવ બન્યો

# ખાંભા : નાની ધારી ગામનાં યુવકની હત્યા કરનાર ૪ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

**નાની ધારીનાં ગૌતમભાઈ વાળાએ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૧૬

જાફરાબાદ તાલુકાના કંથારીયા ગામે રહેતા એક યુવકની ઈંગોરાળા ડુંગરી ગામે રહેતી એક યુવતી સાથે સગાઈ થયેલ હતી. અને તે યુવતીને ખાંભા તાલુકાના નાની ધારી ગામે રહેતા એક યુવક ભગાડી લઈ જઈ તેણીની સાથે પ્રેમ લગ્ન કરી લીધેલ હતા. તે વાતનું મનઃદુખ રાખી જાફરાબાદ તાલુકાના



કંથારીયા ગામે રહેતા આરોપીએ ફોરવ્હીલ ગાડીમાં અન્ય ત્રણ અજાણ્યા આરોપીઓને બેસાડી નાની ધારી ગામેથી ઈંગોરાળા ગામે ગોંવિદભાઈ મધુભાઈ માંગરોળીયાની વાડી ખેતરની પાસે આવી ત્યાં યુવતીને ભગાડી જનાર યુવકના ટુવ્હીલ મોટર સાયકલની પાછળ ફોરવ્હીલ ગાડી ભટકાવી તેને પછાડી દઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## વિદ્યાલયનાં કામે ડબલ સવારી બાઈકમાં ક્રાંકચથી પરત આવતા હોય

# લીલીયામોટા : ભોરીંગડાની નાલંદા વિદ્યાલયનાં સંચાલક જગદીશભાઈ રંગપરાનું પાણીમાં તણાઈ જવાથી મોત નિપજયુ

**બનાવની જાણ થતાં ૧૦૮ અને સ્થાનિક પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી**

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં આજે વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થતાં અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ગ્રામ્ય પંથકમાં અચાનક અનરાધાર વરસાદ વરસતા અનેક વિસ્તારોમાં પાણીભરાઈ ગયા હતા. લીલીયાનાં ક્રાંકચ નજીક આવેલા બાવળો ડુંગર તરીકે



ઓળખાતા વિસ્તારમાં ભારે વરસાદને પગલે નદીના વોંકળામાં અચાનક પુર આવ્યું હતું. આ દરમિયાન ભોરીંગડા સ્થિત નાલંદા સ્કૂલનાં સંચાલક જગદીશ રંગપરા પાણીના તેજ પ્રવાહમાં તણાઈ જતાં તેમનું મોત નિપજયું હતું.

આ બનાવમાં મળતી માહિતી મુજબ જગદીશ રંગપરા બાઈક લઈને સ્કૂલ તરફ આવી રહ્યા હતા ત્યારે વોકળામાં અચાનક પાણીનો પ્રવાહ વધ્યો હતો. ભારે પાણીના પ્રવાહના કારણે તેઓ બાઈક સહિત પાણીમાં તણાઈ ગયા હતા. પાણીનો પ્રવાહ તેમને અને બાઈકને અંદાજે એક કિલોમીટર જેટલા અંતર સુધી ખેંચી ગયો હતો. સ્થાનિક લોકો દ્વારા શોધખોળ હાથ ધરાતા તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા
(B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
→ સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
→ દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
→ દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
→ દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
→ નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
→ ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,30,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૬/૦૭/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. જય વિઠલાણી — કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૧૭/૦૭/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦
ડો. સાગર બરાસરા — એન્ડોકાઈનોલોજીસ્ટ, ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા. ૧૮/૦૭/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ)
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક. ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ)

## ૨ મહિલા સહિત ૪ વ્યકિતઓએ

# અમરેલીનાં યુવકને હની ટ્રેપમાં ફસાવી રૂપિયા ૧ લાખ પડાવી લીધા

**૩ લાખની માંગણી કરી ૧ લાખ પડાવ્યા : ફરિયાદ**

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં રહેતી બે મહિલા સહિત ચાર આરોપીએ એકસંપ કરી પુર્વ આયોજીત ગુનાહિત કાવતરૂ રચી અને અમરેલી ગામે આવેલ વરૂડી રોડ ઉપર, ઈંટો પાસે રહેતા એક યુવકને એક મહિલા આરોપીએ ફોન કરી યુવકને મોટર સાયકલ લઈને અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ સંકુલ પાસે બોલાવેલ હતો. અને તેણીએ જણાવેલ કે, પોતાની માનતા હોવાથી તેણીની સાથે ધારી ખોડીયાર મંદિર ખાતે આવવાનું કહીને તેણી આ યુવકના મોટર સાયકલ ઉપર બેસી ગયેલ હતી. બાદમાં અન્ય આરોપીઓ ત્યાં ધારી ખોડીયાર મંદિર ખાતે આવી જઈ અને યુવકને છરી બતાવી ડરાવી ધમકાવી યુવકને ભયમાં મુકી મામલો પતાવવા માટે આરોપીઓએ યુવક પાસે રૂપિયા ત્રણ લાખ માંગેલ હતા. ત્યારે યુવકે પોતાની પાસે ત્રણ લાખ નહી હોવાનું જણાવતા રૂપિયા એક લાખ રૂપિયામાં મામલો પતાવવાનું

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારાસભ્ય મહેશ કસવાલાએ ઐતિહાસિક કામગીરી કરી બતાવી

# આનંદો : અંતે સાવરકુંડલાનાં સુકનેરા ડેમ ખાતે નર્મદાનાં નીરનું આગમન

**અંદાજિત રૂપિયા ૧૪ કરોડનાં ખર્ચે પાઈપલાઈન લગાવીને નર્મદાનાં નીરને પહોંચતા કરી દીધા**

**અષાઢી બીજનાં પવિત્ર દિવસે જ નર્મદાનાં નીરનું આગમન થતાં હર્ષોલ્લાસ જોવા મળ્યો**

**ભૂગર્ભનું પીવાનું પાણી પીવા મજબુર જનતાને હવે શુધ્ધ પીવાનું પાણી મળશે**

**ધારાસભ્ય દ્વારા સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં નર્મદાનાં નીરનાં વધામણ કરવામાં આવ્યા**





સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા તાલુકાના સુકનેરા ગામે નર્મદાના નવા નીરનું આગમન થતા ગામમાં હર્ષ અને આનંદનો માહોલ સર્જાયો હતો. આ અવસરે ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, પાલિકા પ્રમુખ નયનાબેન તથા ભાજપના મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ નર્મદાના પવિત્ર જળનું ફૂલોથી વધામણું કરી ખુશી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ નર્મદા યોજનાને ગુજરાતના વિકાસ અને ખેડૂતો માટે જીવનદાયી યોજના ગણાવી હતી. તેમણે જણાવ્યું કે નર્મદાનું પાણી ગામડાઓ સુધી પહોંચતા ખેડૂતોને સિંચાઈની સુવિધા મળશે, પીવાના પાણીની સમસ્યામાં રાહત મળશે તેમજ કૃષિ અને ગ્રામ વિકાસને નવી ગતિ મળશે.

કાર્યક્રમ દરમિયાન કાર્યકર્તાઓએ ભારત માતા અને નર્મદા મૈયાના જયઘોષ સાથે નવા નીરનું સ્વાગત કર્યું હતું. ગ્રામજનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા અને આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા હતા. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ અને લોકભાગીદારીના માહોલમાં યોજાયો હતો.

સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ આશા વ્યક્ત કરી હતી કે નર્મદાના પાણીના સતત પુરવઠાથી વિસ્તારના ખેડૂતોને લાંબા ગાળે લાભ મળશે અને પાણીની અછતનો પ્રશ્ન હળવો બનશે.

## રાજુલા : શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા કોલેજ ખાતે જી.એસ.ની લોકશાહી ઢબે ચૂંટણી યોજવામાં આવી



રાજુલા, તા. ૧૬

રાજુલા એજયુકેશનલ ટ્રસ્ટ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ રાજુલા ખાતે જી.એસ. તથા સી. આર. વિદ્યાર્થીની પ્રતિનિધિની ચૂંટણી લોકશાહી ઢબે યોજવામાં આવી. જેમાં ઉમેદવારોના વિધિવત રીતે ફોર્મ ભરવામાં આવ્યા. તમામ ઉમેદવારોએ તેમનો પ્રચાર–પ્રસાર ખૂબ જ ઉત્સાહથી કરેલ. ત્યારબાદ ચૂંટણીના આચાર સંહિતા મુજબ પ્રચારને પૂર્ણ કરી નિયત સમયે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરેલ. જેમાં તમામ વિદ્યાર્થીની બહેનોએ પોતાના મનપસંદ વિદ્યાર્થી પ્રતિનિધિને તેના નામ સામે સ્ટેમ્પ લગાવી મત પેટીમાં મત આપીને મતદાનની ગુપ્તતા જાળવી અને મતદાન કરેલ. આ ચૂંટણી પ્રક્રિયાની પ્રવૃતિને પ્રોત્સાહિત કરવા માટે કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેટર ડો. જીગ્નેશભાઈ વાજા તથા કોલેજ પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળ ઉપસ્થિત રહી સંપૂર્ણ પ્રક્રિયાને બિરદાવી હતી. લોકશાહી ઢબે યોજાયેલ ચૂંટણી બાદ ઉમેદવારોની હાજરીમાં મતદાન ગણતરી કરવામાં આવેલ. જેમાં કોમર્સ વિભાગના જી.એસ. તરીકે થર્ડ યર બી.કોમ.માંથી જાનવીબેન કેતનભાઈ જગડા તથા આર્ટ્સ વિભાગના જી.એસ. તરીકે થર્ડ યર બી.એ.ના આરતીબેન લક્ષ્મણભાઈ વાઘ બહુમતીથી ચૂંટાઈ આવેલ. આ સાથે કોલેજોના સી.આર. તરીકે પ્રથમ વર્ષમાં ગુજરાતી વિષયમાં અભ્યાસ કરતા મીરાબેન ભાવેશભાઈ બોરીસાગર તથા સમાજશાસ્ત્રમાં તનિષાબેન કાંતિભાઈ ધાખડા તથા દ્વિતીય વર્ષમાં ગુજરાતી વિભાગમાં જાનકીબેન દુલાભાઈ દેવેરા તથા સમાજશાસ્ત્ર વિષયમાં દયાબેન દાનાભાઈ જોગદીયા તથા તૃતીય વર્ષમાં ગુજરાતી વિભાગમાં આરતીબેન લક્ષ્મણભાઈ વાઘ તથા સમાજશાસ્ત્ર વિભાગમાં કોમલબેન મધુભાઈ જીંજાળા બહુમતીથી ચૂંટાઈ આવેલ. તમામ સી.આર. તથા જી.એસ.ના શપથ ગ્રહણ પણ કરવામાં આવેલ. સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયામાં વિદ્યાર્થીની જી.એસ. તથા સી.આર. તમામે મતદાતાઓનો આભાર વ્યક્ત કરેલ અને તેમના તમામ કાર્યોને ન્યાય આપવાનું વચન આપેલ. ચૂંટણી ખૂબ જ રસાકસી ભરેલ રહી. સૌ કોઈને ચૂંટણી રિઝલ્ટ જાણવાની ખૂબ જ આતુરતા રહી હતી. આ પ્રવૃત્તિનો હેતુ વિદ્યાર્થીઓ સ્થાનિક સ્વરાજયનું મહત્વ અને લોકશાહી રાષ્ટ્ર વ્યવસ્થાનું સંપૂર્ણ માળખું સમજે અને ભવિષ્યમાં રાજકીય કારકિર્દી બનાવી નેતૃત્વનું કાર્ય આદર્શ રીતે સંભાળી શકે. આ કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર જાગૃતીબેન તેરૈયા તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ભગવતીબેન વડીયાએ માર્ગદર્શન આપેલ. તમામ પ્રાધ્યાપકોએ પણ જહેમત ઉઠાવેલ.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### સાયબર ફ્રોડનાં આરોપીને

## લીલીયા મોટા પોલીસ ટીમે જોધપુર ખાતેથી ઝડપી લીધો

**આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

લીલીયા, તા. ૧૬

લીલીયા મોટા પી.આઈ એમ.ડી. સાળુંકે દ્વારા નાગેશ્રી પોલીસ સ્ટેશનના સાયબર ફ્રોડ ગુન્હાના કામના નાસતા ફરતા આરોપીને રાજસ્થાન રાજયના જોધપુર સીટી ખાતેથી ટેકનીકલ તથા હ્યુમન સોર્સ આધારે પકડી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. પકડાયેલ આરોપી :– સાજીદ મહમ્મદ અયુબ ભાટી ઉ.વ.૨૦ રહે. સરકારી સ્કુલની સામે ઉદય મંદીર આસન જોધપુર સીટી (રાજસ્થાન)માંથી ઝડપી પાડેલ છે આમ, આ સમગ્ર કામગીરી લીલીયા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.ડી. સાળુંકે તથા હેડ કોન્સ. સંજયભાઈ કનુભાઈ ઘાંઘળ તથા પો.કોન્સ



વિજયભાઈ મંગળુભાઈ લાલુ તથા પો.કોન્સ. પંકજભાઈ છગનભાઈ બગડા તથા પો.કોન્સ. કુલદીપભાઈ ધીરૂભાઈ પરમાર તથા આઈ.ટી. એકસપર્ટ સપનાબેન ધરાજીયા દ્વારા કરવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### અજાણ્યા ચોર ઈસમનુ કારસ્તાન

## લાઠીનાં જરખીયા ગામે મંદિરમાંથી ચોરી થઈ

**રૂપિયા ૪૦ હજારની ઉઠાંતરી કરી**

અમરેલી, તા. ૧૬

લાઠી તાલુકાના જરખીયા ગામે રહેતા રમેશભાઈ ડાયાભાઈ બરવાળીયા નામના ૬૦ વર્ષીય ખેડૂતના બરવાળીયા પરિવારના જરખીયા ગામે આવેલ મંદિરમાં ગત તા. ૧૪ રાત્રીના સાડા સાતેક વાગ્યાથી તા. ૧૫ના વહેલી સવારના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યો ચોર ઈમસે પ્રવેશ કરી મંદિરના દરવાજાની સ્ટીલની જાળીમાં તાળુ મારેલ તાળુ તોડી દાન પેટીમાં રહેલ અંદાજે રોકડ રૂપિયા ૪૦,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ

## બાબરામાં ગેબી વિસામે મહંતશ્રી પૂજય રાજુબાપુની નિશ્રામાં અષાઢી બીજની ઉજવણી

**મોટી સંખ્યામાં ભાવિકોએ લીધો ધર્મલાભ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

બાબરા શહેરના પવિત્ર ગેબી વિસામે ખાતે મહંત પૂજય રાજુબાપુની પાવન નિશ્રામાં અષાઢી બીજના પવિત્ર પર્વની ભવ્ય અને ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર પરિસર ભકિતમય વાતાવરણથી ગુંજી ઉઠયું હતું અને ભજન, ભોજન તથા ભકિતના ત્રિવેણી સંગમે ભાવિકોને આધ્યાત્મિક આનંદનો અદભુત અનુભવ કરાવ્યો હતો.

દર વર્ષે પરંપરાગત રીતે ઉજવાતો આ ધાર્મિક મહોત્સવ આ વર્ષે પણ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે યોજાયો હતો. વહેલી સવારથી જ બાબરા સહિત આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ગેબી વિસામે ઉમટી પડયા હતા. ભાવિકોએ રામદેવપીરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સાથે જ પવિત્ર અખંડ જયોત અને અખંડ પાઠના દર્શન કરી સૌએ સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થનાઓ અર્પણ કરી હતી.

સમગ્ર દિવસ દરમિયાન ભકિતમય વાતાવરણ વચ્ચે ધૂન, ભજન અને સત્સંગના કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ઉપસ્થિત ભાવિકો ભાવવિભોર બની જોડાયા હતા. સાંજના સમયે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો હતો.

આ પ્રસંગે મહંત પૂજય રાજુબાપુએ સર્વે ભાવિકોને ધર્મ, સેવા અને માનવતાના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમ શ્રદ્ધા, સેવા અને સુવ્યવસ્થિત આયોજન સાથે સફળતાપૂર્વક સંપન્ન થતાં ભાવિકોએ આયોજકોની કામગીરીને બિરદાવી હતી.

## ભૂરખીયા હનુમાનજી મંદિરે ૧૦૦મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો

લીલીયા, તા. ૧૬

લીલીયા મોટાના રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી અને લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા મંદિર ટ્રસ્ટ સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ નેત્ર નિદાન કેમ્પમા ૧૨૩ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવેલ. જે પૈકી ૩૨ દર્દીઓને મોતીયોના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવેલ છે. સુદર્શન નેત્રાલય અમરેલીની ટીમે સેવા આપતા તેઓનો આભાર માનવામાં આવેલ.

# અમરેલી ખાતે શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજનાં કર્મચારીઓનું સન્માન કરાયું






અમરેલી આજરોજ શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ સંચાલિત કર્મચારી મંડળ દ્વારા આગામી દિવસોમાં સમાજના ભાઈઓ વિવિધ સરકારી સંસ્થા તેમજ રાજકીય લેવલે જેવો એ પ્રગતિ કરી અને બહારથી આવેલા સમાજના ભાઈઓ જેવો સારી પોસ્ટ ઉપર હોય તેમનું કર્મચારી મંડળ દ્વારા સન્માનિત કરવામાં આવેલા. આ પ્રસંગે સમાજ ઉપપ્રમુખ મનસુખભાઈ ચૌહાણ સમાજ મંત્રી તેમજ કર્મચારી મંડળ પ્રમુખ.સી.કે. ટાક. તેમજ સમાજ સહ મંત્રી તેમજ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી ટ્રસ્ટી, જયંતીભાઈ મનાણી ટ્રસ્ટી, મનુભાઈ ટાંક તેમજ કર્મચારી મંડળના તમામ ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમાં રજનીભાઈ ચૌહાણ સુરેશભાઈ ટાંક તથા અમિતભાઈ ટાંક તથા મનીષભાઈ ચૌહાણ અને અન્ય ભાઈઓમાં આપણા સમાજના કમલેશભાઈ સોલંકી એડવોકેટ જેઓને જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચામાં ઉપપ્રમુખ તરીકે નિમણૂક થયેલી ત્યારબાદ કાર્તિકભાઈ સોલંકી જેવો.ની બાજુના ગામડામાં મેડિકલ ઓફિસર તરીકે શેખ પીપરીયા મુકામે ફરજ બજાવે છે. ત્યારબાદ શૈક્ષણિક સંસ્થામાંથી નિવૃત થયેલા હરેશભાઈ ગોહિલ આ ત્રણે મહાનુભાવોનું આ તકે સમાજઅગ્રણીઓ તેમજ કર્મચારી મંડળ પ્રમુખ અને ઓલ ટીમ દ્વારા પુષ્પગુચ્છ અને સાલથી સન્માનિત કરવામાં આવેલા. જે સમાજનું ગૌરવ કહેવાય આ હેતુથી સન્માનિત કરવામાં આવેલા. તેમ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવેલ છે.

## ૧૨ દિવસ બાદ મેઘરાજાની પૂનઃ પધરાણીથી સૌ કોઈ ખૂશ

# અમરેલી જિલ્લામાં અષાઢી બીજે અનેક સ્થળોએ વરસાદ

**અમરેલી, જાફરાબાદ, લાઠી, ચલાલા, રાજુલા અને બાબરા પંથકમાં શરૂ થયો વરસાદ**

**જો કે તમામ સ્થળોએ સામાન્ય વરસાદ પડયો હોય દે ધનાધનની સૌને આશા**

**ખેતીપાકો માટે અત્યંત વરસાદની જરૂર હોય મેઘસવારી યથાવત રહે તે જરૂરી**

**મેઘાના મુકામ માટે અતિ મહત્વનાં ગણાતાં અષાઢ માસનાં પ્રાંરંભે વરસાદથી શુક્ન સચવાયું**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં આજે ૧૨ દિવસનાં લાંબા વિરામ બાદ અષાઢી બીજનાં પવિત્ર દિને મેઘાની પધરામણી થતાં સૌ કોઈમાં ખૂશીનો માહોલ છવાયો હતો.

અમરેલી જિલ્લામાં છેલ્લા ર થી ૩ દિવસથી સવારે કે દિવસ દરમિયાન કયારેક વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યા બાદ આજે જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં સવારે ૧૧ કલાક આસપાસ અને બાદમાં પણ જોરદાર ઝાંપટુ પડી ગયેલ છે. તદુઉપરાંત, લાઠી, ચલાલા, બાબરા, રાજુલા, જાફરાબાદ પંથકમાં પણ વરસાદ પડયાનાં વાવડ મળી રહ્યા છે. અમરેલી જિલ્લો એ કૃષિ પ્રધાન હોવાથી વરસાદની અત્યંત જરૂર રહેતી હોય છે અને ૧૨ દિવસનાં વિરા બાદ સામાન્ય વરસાદ પડતા જગતાત ગણાતા ખેડૂતોમાં આશાનું કિરણ જોવા મળી રહ્યું છે. જો કે વાતાવરણમાં અસહ્ય બફારો હોવાથી આગામી કલાકોમાં પણ વરસાદ પડે તેવા એંધાણ જોવા મળી રહ્યા છે.

**બાબરા**

બાબરામાં એક પખવાડિયાથી વધુ વરસાદ વિરામ લેતા ધરતી પુત્રોમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ હતી. પણ આજે અષાઢી બીજના મેઘરાજાએ શુકન કર્યા હોય તેમ બપોર બાદ બાબરા શહેરમાં તેમજ ગ્રામ્ય વિસ્તારના દરેડ, ચરખા, ગળકોટડી, જામ બરવાળા, ખાખરીયા સહિતના ગામડાઓમાં વરસાદનું ઝાપટું પડી જતા ખેડૂતોમાં થોડીક રાહત જોવા મળી હતી તેમજ સારા વરસાદની આશા ફરી બંધાણી છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
માસિક ફી રૂા. ૧૨૫૦/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

સૌથી સસ્તું મોટરસાયકલ
દરેક પરિવારની પહેલી પસંદ
SHINE 100 DX


પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨


હમરાજ ગાઠીયા હાઉસ
શુદ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુદ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુદ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, ક્રિષ્ના ડાઇનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક ભાણાભાઇ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪



મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪



નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.



Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

મુખ્યમંત્રીશ્રીએ જગન્નાથજીની પૂજા-અર્ચના કરી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મેમનગર SGVP ગુરુકુળની ૧૯મી રથયાત્રાનું પ્રસ્થાન

## અમદાવાદના મેમનગર ગુરુકુળ ખાતે જય રણછોડ, માખણ ચોરના નાદ સાથે ભક્તિમય બન્યું વાતાવરણ

અમદાવાદ, તા.૧૬

અષાઢી બીજના પવિત્ર પર્વ નિમિત્તે મેમનગર સ્થિત SGVP ગુરુકુળ દ્વારા આયોજિત ૧૯મી ભવ્ય રથયાત્રાનો મંગળ પ્રારંભ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરાવવામાં આવ્યો હતો.


મુખ્યમંત્રીએ આ પાવન અવસરે ભગવાન જગન્નાથજી, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીના રથો સમક્ષ શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-અર્ચન કરીને મહાઆરતી ઉતારી હતી. ત્યારબાદ તેમણે ઉપસ્થિત વરિષ્ઠ સંતો અને મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં ત્રણેય રથોને પ્રસ્થાન કરાવી નગરજનો માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના કરી હતી. શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આ મંગલમય પ્રસંગે મુખ્યમંત્રીએ રાજ્યના નાગરિકોને રથયાત્રા અને અષાઢી બીજની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. રથયાત્રાના પ્રસ્થાન સમયે ગુરુકુળ પરિસરમાં એકત્રિત થયેલા હજારો હરિભક્તો અને શ્રદ્ધાળુઓએ 'જય રણછોડ, માખણ ચોર'ના જયઘોષ સાથે સમગ્ર માહોલને આધ્યાત્મિક ઉર્જાથી ભરી દીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના ૧૨૫મા જન્મદિન અને શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, મેમનગરના સુવર્ણ જયંતી મહોત્સવના દિવ્ય ઉપક્રમે ૧૯મી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રામાં જોડાયેલા રથોને વિશેષ આધ્યાત્મિક થીમ આધારિત ઝાંખીઓથી સુશોભિત કરવામાં આવ્યા હતા.ભગવાન જગન્નાથજીની આ રથયાત્રા મેમનગર અને તેની આસપાસના વિસ્તારોમાં અંદાજે ૭ કિલોમીટર જેટલા લાંબા રૂટ પર પરિભ્રમણ કરીને નગરજનોને દર્શનનો લાભ આપ્યા બાદ મોડી સાંજે પરત ગુરુકુળ કેમ્પસ ખાતે સંપન્ન થશે.

આ દિવ્ય રથયાત્રાના પ્રસ્થાન મહોત્સવમાં સદગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, શહેર પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વૉટર સપ્લાય કમિટીના ચેરમેન શ્રી ધરમશીભાઈ દેસાઈ, સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ સહિત પૂજનીય સંતો, અગ્રણીઓ, હરિભક્તો અને વિશાળ સંખ્યામાં નગરજનો ભક્તિભાવપૂર્વક જોડાયા હતા.







નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ થયા સહભાગી

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જગન્નાથજી મંદિર ખાતે મંગળા આરતી કરી

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના જગન્નાથજી મંદિર ખાતે મંગળા આરતી કરી ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા

અમદાવાદ, તા.૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અષાઢી બીજ નિમિત્તે ૧૪૯મી રથયાત્રાના પાવન અવસરે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથજી મંદિરમાં મંગળા આરતીમાં સહભાગી થઈ, ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ સહભાગી થયા હતા. દેશભરના લાખો ભક્તોમાં ભગવાન જગન્નાથ પ્રત્યે દૃઢ આસ્થા છે. પ્રતિ વર્ષ અષાઢી બીજના પાવન દિવસે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી ભક્તોને દર્શન આપવા સામે ચાલીને નગરયાત્રાએ નીકળે છે. ત્યારે રથયાત્રા પૂર્વે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે સપરિવાર ભગવાન જગન્નાથજીની મંગળા આરતી અને પૂજા-અર્ચના કરી હતી. અમદાવાદ શહેર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે આસ્થાના પ્રતીક સમાન આજની રથયાત્રાના આ પાવન અવસરે અમદાવાદ મંદિરના મહંત દિલીપદાસજી તથા સંતો-મહંતો તેમજ ભાવિક ભકતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




અમદાવાદના નાથ નગરચર્યાએ

# ૧૮ ગજરાજ, ૧૦૧ ટ્રક અને અભેદ્ય સુરક્ષા વચ્ચે ભાઈ-બહેન સાથે રથમાં બિરાજ્યા કાળિયા ઠાકોર

## ભક્તો માટે ૪૫,૦૦૦ કિલો મગ અને ૫૦૦ કિલો જાંબુના પવિત્ર પ્રસાદની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી

અમદાવાદ, તા.૧૬

અષાઢી બીજના પવિત્ર પર્વ નિમિત્તે આજે વહેલી સવારે અમદાવાદના પ્રસિદ્ધ જગન્નાથ મંદિર ખાતેથી ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીની ૧૪૯મી ઐતિહાસિક રથયાત્રા પરંપરાગત શ્રદ્ધા, હર્ષોલ્લાસ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે નગરચર્યા માટે પ્રસ્થાન થઈ હતી.

આ ભવ્ય ધાર્મિક મહોત્સવની શરૂઆત વહેલી સવારે ૪:૦૦ વાગ્યે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સપરિવાર ભગવાનની મંગળા આરતી ઉતારીને કરી હતી, જ્યાં ભગવાનને વિશિષ્ટ ખીચડાનો ભોગ ધરાવાયો હતો. ત્યારબાદ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણીથી રથનો માર્ગ સાફ કરવાની પવિત્ર પહિંદ વિધિ સંપન્ન કરી ત્રણેય ભવ્ય રથોને નગર ભ્રમણ માટે રવાના કર્યા હતા. દેશભરમાંથી આવેલા ૨૫૦૦ જેટલા સાધુ-સંતો અને લાખો ભક્તોની ઉપસ્થિતિમાં જય રણછોડ, માખણચોર ના ગગનભેદી નારા સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.આ વર્ષે રથયાત્રાને અભૂતપૂર્વ રીતે ભવ્ય અને સુરક્ષિત બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા વ્યાપક આયોજન કરવામાં આવ્યું હતું. રથયાત્રાના ભવ્ય સરઘસમાં સૌથી આગળ ૧૮ શણગારેલા ગજરાજ (હાથી), વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક સંદેશ આપતી ૧૦૧ થીમ આધારિત ટ્રકો, કરતબો દર્શાવતા ૩૦ અખાડા, ભજન કીર્તન કરતી ૧૮ ભજન મંડળીઓ અને ૩ મ્યુઝિક બેન્ડવાજા સામેલ થયા હતા.

ભક્તો માટે ૪૫,૦૦૦ કિલો મગ અને ૫૦૦ કિલો જાંબુના પવિત્ર પ્રસાદની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. સુરક્ષાની દ્રષ્ટિએ સંવેદનશીલ ગણાતા રથયાત્રાના રૂટ પર 10 IG-DIG, 42 DCP, 88 ACP અને 800 PI સહિત કુલ ૩૦,૦૦૦ થી વધુ પોલીસ જવાનો ૨૬ પોલીસ રેંજ હેઠળ તૈનાત રહ્યા હતા.

આ ઉપરાંત, આખી રથયાત્રા પર આકાશમાંથી ૧૦૦ હાઈટેક ડ્રોન કેમેરા દ્વારા બાજનજર રાખવામાં આવી રહી હતી, જેથી કોઈ પણ અનિચ્છનીય ઘટના વગર શાંતિપૂર્ણ માહોલમાં નાથ નગરના ભક્તોને દર્શન આપી શકે.

સરસપુરમાં ૧૭ જેટલી પોળમાં રસોડા ધમધમ્યા

# અમદાવાદના સરસપુરમાં ભગવાનનું મોસાળું ભરાયું

## ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળીને લાખો ભક્તોને દર્શન આપ્યા

અમદાવાદ, તા.૧૬

ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા ગુરુવારે અમદાવાદના જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરેથી ભક્તિભાવ વચ્ચે નીકળી હતી. અષાઢી બીજના પવિત્ર અવસરે વર્ષમાં એકવાર ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળીને લાખો ભક્તોને દર્શન આપે છે. આ વર્ષે પણ રથયાત્રાને લઈને શહેરમાં ભક્તિનો માહોલ છવાયો છે અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાજીના રથ સરસપુર પહોંચી ગયા હતા. જ્યાં અમદાવાદના સરસપુરમાં મોસાળ ખાતે આવેલા મંદિરે ભગવાન જગન્નાથને મામેરું અર્પણ કરાયું છે. ત્યારે મામેરાના દર્શન માટે સરસપુરથી શારદાબહેન હોસ્પિટલ સુધી ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. ભગવાન જગન્નાથ માટે ખાસ ફૂલોની ડિઝાઈનના સુંદર વાઘા તૈયાર કરાયા છે અને સોના-ચાંદીના આભૂષણો પણ ભગવાનને અર્પણ કરાયા છે. જેના દર્શન કરવા ભક્તોની લાંબી કતાર જોવા મળી હતી.

સવારથી ભક્તો ભગવાનના દર્શનની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. સરસપુરમાં ભગવાનનું મામેરું ભરાયું હતું. ભક્તોએ ભગવાનને ફૂલોથી વધાવ્યા હતા. આ પ્રસંગે ત્યાં અલગ જ માહોલ જોવા મળી રહ્યો છે. આ પાવન પ્રસંગે મોસાળ સરસપુરમાં ૧૭ જેટલી પોળમાં રસોડા ધમધમે છે. જેમાં ૧૫ હજાર ભક્તો માટે પ્રસાદીની વ્યવસ્થા થાય છે.

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ભવ્ય નજારો જોવા મળ્યો છે. નગરના નાથ ભગવાન જગન્નાથજી ભક્તોને દર્શન આપવા માટે નીકળ્યા ત્યારે રસ્તાઓ પર શ્રદ્ધાળુઓનો માનવ મહાસાગર ઉમટી પડ્યો હતો. ભક્તો પોતાના કાનાજી લઈને રથયાત્રામાં જોડાયા હતા.

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા દરમિયાન ભારે ગરમી અને અસહ્ય બફારાને ધ્યાનમાં રાખીને ભક્તો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર રથયાત્રા માર્ગ પર વિવિધ સ્થળોએ પાણીના ફૂવારા દ્વારા સતત પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે, જેથી દર્શનાર્થીઓને ગરમીમાંથી રાહત મળી રહે. મોટી સંખ્યામાં ઉમટી પડેલા ભક્તોએ પણ આ વ્યવસ્થાનું સ્વાગત કર્યું હતું. ભક્તિ અને સેવાના અનોખા સમન્વય સાથે રથયાત્રામાં ગરમી સામે રાહત આપતો આ પ્રયાસ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

અમદાવાદમાં જગન્નાથજીની રથયાત્રા નીકળે અને મોસાળમાં ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાજીના દર્શનની ભક્તો આતુરતાથી રાહ જોતા હોય છે. ત્યારે મોસાળ સરસપુરમાં ૧૭ જેટલી પોળમાં રસોડા ધમધમક્યા હતા. જેમાં ૧૫ હજાર ભક્તો માટે પ્રસાદીની વ્યવસ્થા થાય છે. ત્યારે સરસપુરમાં ભક્તોના આગમન સાથે જમણવાર પણ શરૂ કરવામાં આવ્યો હતો.

ગજરાજ ભગવાનના મોસાળ સરસપુર પહોંચ્યા હતા. ગજરાજ આવતા જ સરસપુરમાં બેન્ડ બંધ કરાવીને વ્હિસલ મારવામાં આવી હતી. મોસાળમાં ગજરાજોને જોઈને લોકોમાં ભારે ઉત્સાહ છવાયો હતો.

સરસપુરની વાસણ શેરી ખાતે આવેલા પ્રાચીન અને ભગવાનના જુના મોસાળ સમાન રણછોડજી મંદિરેથી મામેરું અર્પણ કરવાની પરંપરા છે. ઉલ્લેખનીય છે કે, વર્ષો પહેલાં જ્યાંથી રથયાત્રામાં જોડાતા સાધુ-સંતોના વિશ્રામ અને ભગવાનના મામેરાની શરૂઆત થઈ હતી, બરાબર તે જ ઐતિહાસિક સ્થળેથી આ વર્ષે ફરી એકવાર ભગવાનને ભક્તિભાવપૂર્વક મામેરું અર્પણ કરવામાં આવ્યું હતું. રથયાત્રામાં સૌથી આગળ ગજરાજોનો દબદબો હોય છે. ત્યારબાદ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો, અખાડા, ભજન મંડળીઓ અને બેન્ડવાજા આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા. રથને ખેંચવા માટે ખલાસી ભાઈઓમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. આજની રથયાત્રામાં હરિદ્વાર, અયોધ્યા, નાશિક, ઉજ્જૈન, જગન્નાથપુરી સહિત દેશભરમાંથી સાધુ-સંતો પધાર્યા હતા.હતા.

જમીન વિવાદના મામલામાં ગોળી મારવાનો આરોપ

# બાગેશ્વર મહારાજના ભાઈ શાલિગ્રામ ગર્ગની ધરપકડ

## અગાઉ પણ શાલિગ્રામ પર પિસ્તોલ લહેરાવવા, ધમકી આપવા, મારપીટ કરવા અને ટોલ કર્મચારીઓ સાથે વિવાદ કરવાના આરોપો લાગી ચૂક્યા છે

નવી દિલ્હી, તા.૧૬

મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લામાં જમીન વિવાદ સાથે જોડાયેલા એક મામલામાં બાબા બાગેશ્વર મહારાજના ભાઈ શાલિગ્રામ ગર્ગની પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસે આ મામલામાં અંકિત મિશ્રાને પણ કસ્ટડીમાં લીધો છે, જ્યારે અન્ય એક આરોપીની શોધખોળ ચાલુ છે. બંને આરોપીઓની ધરપકડ કર્યા બાદ, તેમને રાજનગર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ ઘટનાના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયા છે.મળતી માહિતી મુજબ, આ ઘટના ૧૪ જુલાઈના રોજ બપોરે આશરે ૩ વાગ્યે બની હોવાનું કહેવાય છે. રાજનગર પોલીસ સ્ટેશન વિસ્તારના કુંડા ગામના રહેવાસી મોતીલાલ કુશવાહાએ આરોપ લગાવ્યો છે કે, તે પોતાના સાથીઓ સાથે ગામમાં હાજર હતો. આ દરમિયાન શાલિગ્રામ ગર્ગ પોતાના સાથી સતીષ, આશિષ અને એક અન્ય વ્યક્તિ સાથે ત્યાં પહોંચ્યો હતો. પીડિતનો આરોપ છે કે, આરોપીઓએ આવતાની સાથે જ ગાળાગાળી શરૂ કરી દીધી હતી અને લાકડીઓથી મારપીટ કરી હતી. એવો પણ આરોપ છે કે, આ દરમિયાન ૩ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં તણાવનો માહોલ સર્જાયો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોને લઈને પોલીસ તપાસ કરી રહી છે.આ ઘટના અંગે એડિશનલ એસપી આદિત્ય પટલે જણાવ્યું હતું કે, 'શાલિગ્રામ ગર્ગ અને અંકિત મિશ્રાને પોલીસે કસ્ટડીમાં લઈ લીધા છે, અને એક અન્ય આરોપીની શોધખોળ ચાલુ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ મામલો જમીન વિવાદ સાથે જોડાયેલો છે, અને રાજનગર પોલીસ સ્ટેશન દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસની તપાસ હજુ ચાલુ છે, અને જે પણ તથ્યો સામે આવશે તેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.'ઉલ્લેખનીય છે કે, શાલિગ્રામ ગર્ગનું નામ આ પહેલા પણ અનેક વિવાદોમાં સામે આવી ચૂક્યું છે. અગાઉ પણ તેમના પર પિસ્તોલ લહેરાવવા, ધમકી આપવા, મારપીટ કરવા અને ટોલ કર્મચારીઓ સાથે વિવાદ કરવાના આરોપો લાગી ચૂક્યા છે.

કચ્છી માડુઓને કચ્છી નવાવર્ષની શુભેચ્છાઓ પાઠવી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત પાંચમી વાર પહિંદ વિધિ કરી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાને પ્રસ્થાન કરાવતા પૂર્વે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજી અને રથનું પૂજન-અર્ચન કર્યું

અમદાવાદ, તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાને પ્રસ્થાન કરાવતા પૂર્વે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજી અને તેમના રથનું પૂજન-અર્ચન કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત પાંચમી વખત ભગવાન જગન્નાથજીના રથની સોનાની સાવરણીથી સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી. ત્યાર બાદ મુખ્યમંત્રી ભગવાનના મુખ્ય રથને નગરયાત્રા માટે મંદિર પરિસરમાંથી ભક્તિભાવપૂર્વક બહાર લાવવામાં સહભાગી થયા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ વિધિમાં ભક્તિભાવપૂર્વક સહભાગી થયા હતા.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાના પર્વની સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી, અષાઢી બીજના પાવન અવસરે ભગવાનનાં દર્શન, આરતી અને રથયાત્રાને પ્રસ્થાન કરાવવાનો અવસર મળવાને પોતાનું સદભાગ્ય ગણાવ્યું હતું. મુખ્યમંત્રીએ ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા પ્રસંગે રાજ્યના સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે ભગવાન જગન્નાથજી આજે ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે નગરયાત્રાએ નીકળ્યા હતા. પ્રભુ આજે સામે ચાલીને શ્રમિકો, ગરીબો અને સૌ નાગરિકોને આશીર્વાદ તેમજ દર્શન આપી રહ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતનો સંકલ્પ લીધો છે, જેના માટે ગુજરાત લીડ લેશે તેમ મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું. ભગવાન જગન્નાથજી રાજ્યના સૌ નાગરિકોને ઉત્તરોત્તર સુખ અને સમૃદ્ધિ આપે તેવી પ્રાર્થના પણ પ્રભુ સમક્ષ કરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે અમદાવાદ ખાતેની ભગવાન જગન્નાથજીની રથયાત્રા કોમી એખલાસનું પ્રતીક બની રહી છે. આ ભવ્ય રથયાત્રા શાંતિ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ખડેપગે સેવારત રહેનારા સૌ સરકારી વિભાગો અને સેવાભાવી સંસ્થાઓ-નાગરિકોનો તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ અષાઢી બીજ નિમિત્તે દેશવિદેશમાં વસતાં સર્વે કચ્છી માડુઓને કચ્છી નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ભગવાન જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ, મેયર હિતેશભાઈ બારોટ, સ્થાનિક ધારાસભ્યો અમિત શાહ, અમિત ઠાકર, દિનેશ કુશવાહ, કૌશિક જૈન, હસમુખ પટેલ, અમૂલ ભટ્ટ, શ્રીમતી કંચનબેન રાદડિયા, રાજ્ય પોલીસવડા શ્રી જી.એસ. મલિક, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિત અન્ય મહાનુભાવો તેમજ શ્રદ્ધાળુઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

લાખોની સંખ્યામાં માનવમહેરામણ ઉમટી પડ્યો

# રથયાત્રા દરમિયાન ૪૧ ઈમરજન્સી કેસ, 3 લોકોનો અકસ્માત અને ૧૫ જણા બેભાન થયા

## ભારે ભીડ, ઉકળાટ અને ગરમીના માહોલ વચ્ચે રથયાત્રાના રૂટ પર આરોગ્ય સંબંધી નાની-મોટી તકલીફોના કારણે કુલ ૪૧ જેટલા ઈમરજન્સી કેસો નોંધાયા

અમદાવાદ,તા.૧૬

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા દરમિયાન લાખોની સંખ્યામાં માનવમહેરામણ ઉમટી પડ્યો હતો.ભારે ભીડ,ઉકળાટ અને ગરમીના માહોલ વચ્ચે રથયાત્રાના રૂટ પર આરોગ્ય સંબંધી નાની-મોટી તકલીફોના કારણે કુલ ૪૧ જેટલા ઈમરજન્સી કેસો નોંધાયા હતા. આ તમામ કટોકટીના સમયે ૧૦૮ એમ્બ્યુલન્સ અને આરોગ્ય વિભાગની ટીમોએ સજ્જ રહીને દર્દીઓને તાત્કાલિક સેવા પૂરી પાડી હતી.આ તમામ કેસોમાં સૌથી વધુ ૧૫ કેસ ભારે ભીડ અને બફારાને કારણે ચક્કર આવવાના નોંધાયા હતા.આ ઉપરાંત ગીચતાવાળા વિસ્તારોમાં શ્વાસ લેવામાં તકલીફ થવાના ૫ કેસ અને ચાલુ રથયાત્રા દરમિયાન સંતુલન ગુમાવીને પડી જવાના ૪બનાવો સામે આવ્યા હતા. રથયાત્રાના રૂટની આસપાસ માર્ગ અકસ્માતના ૩ કેસ અને પેટના દુખાવાના ૨ કેસ પણ નોંધાયા હતા. જેમાં દર્દીઓને સમયસર મદદ પહોંચાડવામાં આવી હતી.

અન્ય સામાન્ય તકલીફવાળા દર્દીઓને પણ મેડિકલ સ્ટાફ દ્વારા ઘટનાસ્થળે જ જરૂરી પ્રાથમિક સારવાર આપીને મોટી રાહત આપવામાં આવી હતી. રથયાત્રાને લઈને તંત્ર દ્વારા કરવામાં આવેલી આગોતરી આરોગ્ય સુવિધાઓ અને મોબાઈલ એમ્બ્યુલન્સની વ્યવસ્થાને કારણે તમામ દર્દીઓને સમયસર સારવાર મળી શકી હતી, જેના લીધે કોઈ મોટી જાનહાનિ થવા પામી ન હતી.

૧૮ ગજરાજોએ વધારી રથયાત્રાની શોભા

# અમદાવાદમાં ભગવાન જગન્નાથને નિરખી ભાવિકો બન્યા ભક્તિમય

## આ રથયાત્રામાં ૩૦ જેટલા અખાડાના કરતબ બાજો અદ્દભૂત કરતબો બતાવીને ભાવિકોને આકર્ષી રહ્યા હતા

અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા યોજાઈ હતી. નગરના નાથ નગરચર્યાએ નીકળ્યા ત્યારે નાથના ઓવારણા લેવા, વ્હાલાના વધાવવા માટે આખુય શહેર જાણે હિલોળે ચડ્યુ હોય તેવા દૃશ્યો જોવા મળી રહ્યા હતા. શહેરીજનોનો ઉત્સાહ ક્યાંય સમાઈ નથી રહ્યો. જે-જે રૂટ પરથી રથયાત્રા નીકળી રહી છે ત્યાં હજારો ભક્તો નાથને નિહાળવા રાહ જોઈ રહ્યા હતા. આ રથયાત્રાની ખરી શોભા એટલે ગજરાજ. જેમને રથયાત્રાનું પહેલુ આમંત્રણ મળે છે. તેમના દ્વારા જ પ્રથમ પ્રસ્થાન કરવામાં આવે છે. આ રથયાત્રામાં ૧૮ ગજરાજ જોડાયા હતા.૩૦ જેટલા અખાડાના કરતબ બાજો અદ્દભૂત કરતબો બતાવીને ભાવિકોને આકર્ષી રહ્યા હતા.

જગતના નાથ જગન્નાથ જ્યારે નગરચર્યાએ નીકળ્યા ત્યારે વિશાળ અને અલૌકિક દૃશ્યો જોવા મળી રહ્યા હતા. રથયાત્રામાં સૌપ્રથમ 'નંદિઘોષ' રથ પર ભગવાન જગન્નાથ બિરાજમાન થયા હતા ત્યારબાદ વચ્ચે 'પદ્મધ્વજ' રથમાં બહેન સુભદ્રાજી વિદ્યમાન થયા હતા અને 'તાલધ્વજ' રથ પર બળભદ્રજી બિરાજમાન હતા.

બંને ભાઈઓની વચ્ચે બહેન સુભદ્રાજી નો રથ રાખવામાં આવ્યો છે. ત્યારે ભારતીય સંસ્કૃતિમાં ભાઈ હંમેશા બહેનની રક્ષા કરે છે તે પણ અહીં જોવા મળે છે. બંને ભાઈઓની વચ્ચે બહેન સુભદ્રાજીનો રથ ચાલી રહ્યો હતો.

આટલી ગરમીમાં પણ ભક્તો શા માટે કલાકો સુધી રાહ જોઈ રહ્યા છે, આ કયો ભાવ છે, કયો જુસ્સો છે, કઈ શક્તિ છે જે તેમને આટલું જોમ પૂરે છે? "ભક્તજનાનામ પાપાન તાપાન હરતિ ઈતિ હરિ" અર્થાત્ જે ભક્તોના પાપ અને તાપને હરી લે તે હરિ. મનુષ્યના જીવનમાં બે પ્રકારના તાપ હોય છે, એક બાહ્ય તાપ અને બીજો આંતરિક તાપ. બાહ્ય તાપ એટલે શારીરિક ગરમી, થાક, કે બહારની કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિ. જ્યારે આંતરિક તાપ એટલે આધી (માનસિક પીડા), વ્યાધી (શારીરિક રોગ) અને ઉપાધી (સામાજિક કે વ્યવહારિક મુશ્કેલીઓ). સમગ્ર માહોલ ભક્તિમય બન્યો હતા. આ વખતે રથયાત્રામાં ૧૦૧ ટ્રક જોડાયા હતા. જેના પર વિવિધ સંદેશાઓ અને સાંસ્કૃતિક ઝાંખીઓ રજૂ કરાઈ હતી. રથયાત્રામાં સામેલ ૧૮ ભજન મંડળીઓ અને ભજનિકોનો ઉત્સાહ પણ ચરમસીમાએ હતો. કર્ણાવતીમાં જ્યારે નાથ નગરચર્યાએ નીકળ્યા છે ત્યારે આખુય શહેર ભક્તિમય બન્યુ હોય તેવુ ભાસી રહ્યુ હતું.

રથયાત્રામાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતું અને ભગવાનના મોસાળ સરસપુરની ગલીએ ગલીએ રસોડા ધમધમી રહ્યા હતા. પ્રભુનો રથ સરસપુરથી પ્રસ્થાન કરે તે પહેલા ભાવિકોએ વ્હાલાના ઓવારણા લીધા અને આવતા વર્ષે જલદી આવે તે માટે પ્રાર્થના પ્રાર્થના કરી હતી.

### રથ ખેંચતી વખતે સર્જાઈ અફરાતફરી

# પુરીમાં જગન્નાથ રથયાત્રામાં નાસભાગ, એક શ્રદ્ધાળુનું મોત થયું, અનેકને ઈજા

**ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના રથોને જ્યારે મંદિરથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા, ત્યારે તેમને જોવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું**

પુરી, તા.૧૬

ઓડિશાના પુરીમાં જગપ્રસિદ્ધ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ગુરુવારથી ભક્તિભાવપૂર્વક પ્રારંભ થયો છે. જોકે, રથયાત્રાના પ્રથમ દિવસે જ ભક્તોની ભારે ભીડને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. લાખો ભક્તોની હાજરી વચ્ચે થયેલી દોડધામમાં ગૂંગળામણના કારણે એક શ્રદ્ધાળુનું મોત નીપજ્યું છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના રથોને જ્યારે ૧૨મી સદીના મુખ્ય મંદિરથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા, ત્યારે તેમને જોવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. આ અતિશય ભીડમાં શ્વાસ લેવાની તકલીફ થતાં એક શ્રદ્ધાળુ અચાનક બેહોશ થઈને ઢળી પડ્યો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાને પગલે સ્પેશિયલ રેસ્ક્યુ યુનિટ (SRU)ની ટીમોએ તુરંત જ બચાવ કામગીરી શરૂ કરીને અસરગ્રસ્તોને ભીડમાંથી બહાર કાઢ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે પુરીની મેડિકલ કોલેજ અને અન્ય હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. ભીડ પર નિયંત્રણ મેળવવા માટે પ્રશાસન દ્વારા તાત્કાલિક વધારાની સુરક્ષા અને મેડિકલ ટીમો તૈનાત કરી દેવામાં આવી છે. આ અગાઉ, પરંપરાગત વાદ્યો, શંખનાદ અને ઝાંઝ-પખવાજના નાદ સાથે ભગવાનની યાત્રા શરૂ થઈ હતી. સૌપ્રથમ ચક્રરાજ સુદર્શનને રથ પર બિરાજમાન કરાયા હતા અને ત્યારબાદ દેવી સુભદ્રા તથા ભગવાન જગન્નાથના રથોને પ્રસ્થાન કરાવાયા હતા. આ સમયે સમગ્ર પુરી જય જગન્નાથના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. આ યાત્રા મુખ્ય મંદિરથી ગુન્ડિચા મંદિર સુધી જશે. પુરીમાં છેલ્લા ૨૪ કલાકમાં અંદાજે ૨૦૦ મિલીમીટર જેટલો ભારે વરસાદ નોંધાયો છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પુરી મ્યુનિસિપલ કોર્પોરેશન (PMC)ની ૨૪ કલાક કાર્યરત ટીમોને એલર્ટ પર રાખવામાં આવી છે.આવાસ અને શહેરી વિકાસ મંત્રી કૃષ્ણ ચંદ્ર મહાપાત્રએ જાતે સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લઈને વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓને કડક સૂચના આપતાં કહ્યું કે, પાણી ભરાયેલા વિસ્તારોમાં હાઈ-કેપેસિટી પમ્પિંગ યુનિટ્સ કાર્યરત કરવામાં આવે અને રથયાત્રાના રૂટ પર રસ્તાઓ સુકા અને વાહનવ્યવહાર યોગ્ય રાખવામાં આવે.

### નકલી દૂધ પછી નકલી બટેટા! ઝેરનો ખુલ્લો ખેલ

# લાદી રંગવાના કલરથી હજારો કિલો સાદા બટેટાને લાલ બટેટા બનાવી વેચ્યા

**સામાન્ય સફેદ બટાકાને લાલ બટાકા જેવા બનાવવા માટે ખતરનાક કૃત્રિમ રંગમાં ડુબાડવામાં આવી રહ્યા હતા**

નવી દિલ્હી, તા.૧૬

કાનપુરના બિલહૌરથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં ખુલાસો થયો છે કે ભેળસેળ કરનારાઓ નફો વધારવા અને બજારની માંગ પૂરી કરવા માટે કેટલી હદ સુધી જાય છે. છેતરપિંડી કરનારાઓએ એક ખતરનાક યોજના ઘડી હતી - જાહેર આરોગ્યને જોખમમાં મૂકતી - જેથી સામાન્ય બટાકાને લાલ બટાકા (નેપાળ અને પૂર્વાંચલ પ્રદેશમાં માંગ) તરીકે વેચી શકાય. તેઓ સામાન્ય બટાકાને લાલ રંગવા અને પ્રીમિયમ ભાવે વેચવા માટે લાલ સિમેન્ટ-કલરિંગ એજન્ટોનો ઉપયોગ કરી રહ્યા હતા - સામાન્ય રીતે ફ્લોરિંગ માટે બનાવાયેલ - ભેળસેળ કરનારાઓ પર કડક કાર્યવાહી કરવા માટે એક ખાસ ઝુંબેશ ચાલી રહી છે. આ પહેલના ભાગ રૂપે, સહાયક કમિશનર (ફૂડ) ની આગેવાની હેઠળ એક ટીમ બનાવવામાં આવી હતી. ગુપ્ત માહિતીના આધારે, ટીમે બિલહૌરમાં અનુજ કોલ્ડ સ્ટોરેજ અને એમ્પા કોલ્ડ સ્ટોરેજ પર અચાનક દરોડા પાડ્યા; તેમને જે મળ્યું તેનાથી અધિકારીઓ ચોંકી ગયા.

અત્યંત ઝેરી અને માનવ સ્વાસ્થ્ય માટે ખતરનાક :- દરોડાઓ દરમિયાન, એવું જોવા મળ્યું કે સામાન્ય સફેદ બટાકાને લાલ બટાકા જેવા બનાવવા માટે ખતરનાક કૃત્રિમ રંગમાં ડુબાડવામાં આવી રહ્યા હતા. તપાસમાં પુષ્ટિ મળી છે કે ઉપયોગમાં લેવાયેલ રંગ ફૂડ-ગ્રેડ રંગનો નહોતો પરંતુ ફ્લોરિંગ માટે બનાવાયેલ સિમેન્ટ-કલરિંગ એજન્ટ હતો. આવા રંગો માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત ઝેરી અને જોખમી છે.અધિકારીઓએ સમજાવ્યું કે સિમેન્ટ-કલરિંગ એજન્ટોનો ઉપયોગ સામાન્ય રીતે ફ્લોર અને દિવાલોને રંગવા માટે થાય છે અને માનવ વપરાશ માટે યોગ્ય નથી. દરમિયાન, ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ (FSW) ટીમે સાનિગ્વાન વિસ્તારમાં કાંશીરામ કોલોની ક્રોસિંગ અને ગુપ્તા ક્રોસિંગ જેવા સ્થળોએ વિવિધ ખાદ્ય પદાર્થોનું નિરીક્ષણ કર્યું. આ વિસ્તારમાં કુલ ૪૧ ખાદ્ય નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં એક નમૂના ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ ગયો હતો. ૫,૦૦૦ કિલો (૫ ટન) થી વધુ કૃત્રિમ રંગીન બટાકા જપ્ત કરવામાં આવ્યા હતા ઝડપી કાર્યવાહી કરતા, ફૂડ સેફ્ટી વિભાગની ટીમે સ્થળ પરથી ૫,૦૦૦ કિલો (૫ ટન) થી વધુ કૃત્રિમ રંગીન બટાકા જપ્ત કર્યા હતા. જપ્ત કરાયેલા બટાકાની બજાર કિંમત આશરે ?૧.૩૦ લાખ હોવાનો અંદાજ છે. જો વિભાગે સમયસર હસ્તક્ષેપ ન કર્યો હોત, તો આ ઝેરી બટાકા નેપાળ, પૂર્વાંચલ અને આસપાસના વિસ્તારોમાં બજારોમાં પહોંચી ગયા હોત, જે નિર્દોષ લોકોના સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો હતો.ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી :- ખાદ્ય વિભાગના અધિકારીઓએ સ્થળ પરથી ચાર નમૂના એકત્રિત કર્યા, જેમાં રંગીન બટાકા અને ઉપયોગમાં લેવાતા સિમેન્ટ આધારિત કલરિંગ એજન્ટનો સમાવેશ થાય છે. બધા નમૂનાઓને પરીક્ષણ માટે ફૂડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે લેબ રિપોર્ટ મળ્યા પછી, આ ખતરનાક પ્રથામાં સામેલ દરેક વ્યક્તિ સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ હેઠળ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

### NEET પેપર લીક કાંડમાં CBIનો મોટો ધડાકો

# ૫ લાખમાં ખરીદ્યા પેપર, ૧૧૧ સવાલ મેચ થયા

**કેમેસ્ટ્રીનું પેપર લીક કરવા ૫ લાખની લાંચ અપાઈ હતી : મુખ્ય આરોપી મોટેગાવકરના ફોનમાંથી ૧૩૨ પ્રશ્નોના પુરાવા મળ્યા**

નવી દિલ્હી, તા.૧૬

દેશની નામાંકિત મેડિકલ કોલેજોમાં એડમિશન મેળવવા માટે લેવાયેલી NEET(UG) પરીક્ષાના પેપર લીક મામલે સીબીઆઈ (CBI) દ્વારા એક ખાસ કોર્ટમાં કેટલાક અત્યંત ચોંકાવનારા ખુલાસા કરવામાં આવ્યા છે. સીબીઆઈએ કોર્ટ સમક્ષ રજૂ કરેલા પુરાવાઓમાં સ્પષ્ટ કર્યું છે કે આ આખીયે સરકારી પરીક્ષાના કૌભાંડ પાછળ એનટીએ (NTA)ની સરકારી પેનલના સભ્યો અને ખાનગી કોચિંગ સેન્ટરોના સંચાલકો વચ્ચે બહુ મોટી મિલીભગત અને સાંઠગાંઠ ચાલતી હતી. સીબીઆઈએ કોર્ટમાં આરોપી કોચિંગ સંચાલક શિવરાજ રઘુનાથ મોટેગાવકરની જામીન અરજીનો વિરોધ કરતા જણાવ્યું કે, તેણે કેમેસ્ટ્રી વિષયના પ્રશ્નો પરીક્ષા પહેલાં જ મેળવી લેવા માટે રૂ.૫ લાખની મોટી રકમ ચૂકવી હતી. આ પ્રશ્નો નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ના તે નિષ્ણાત પેનલ મેમ્બર પી.વી. કુલકર્ણી પાસેથી મેળવવામાં આવ્યા હતા, જે પોતે જ આ પ્રશ્નપત્ર તૈયાર કરવાની પ્રક્રિયામાં સામેલ હતા.તપાસ એજન્સીના જણાવ્યા પ્રમાણે, આ કેસના મુખ્ય આરોપી મોટેગાવકરનો દીકરો કુલકર્ણીના જ કેમેસ્ટ્રી ટ્યુટોરિયલ ક્લાસીસમાં ભણતો હતો. આ ક્લાસ દરમિયાન જ પરીક્ષાના અત્યંત ગુપ્ત અને મહત્ત્વના પ્રશ્નો લીક કરીને મોટેગાવકર સુધી પહોંચાડવામાં આવ્યા હતા. આ પ્રશ્નો હાથમાં આવ્યા બાદ મોટેગાવકરે પોતાની હસ્તાક્ષરમાં તેની અલગથી નોટ્સ પણ તૈયાર કરી લીધી હતી.

સીબીઆઈને આરોપી મોટેગાવકરના મોબાઈલ ફોનમાંથી અત્યંત મહત્ત્વના ડિજિટલ પુરાવા મળ્યા છે. તેના ફોનમાંથી કુલ ૩૬ ફોટો મળી આવ્યા છે, જેમાં હાથેથી લખેલા કેમેસ્ટ્રીના ૧૩૨ પ્રશ્નો હતા. સીબીઆઈની તપાસમાં બહાર આવ્યું છે કે આમાંથી ૧૧૧ પ્રશ્નો NTA દ્વારા NEET (UG) માટે તૈયાર કરવામાં આવેલા માસ્ટર પ્રશ્નપત્ર સેટ સાથે હૂબહૂ મેચ થતા હતા. મોબાઈલના મેટાડેટા એનાલિસિસ (ડિજિટલ તપાસ) પરથી સાબિત થયું છે કે આ તમામ તસવીરો ૩ મેના રોજ યોજાયેલી પરીક્ષાના આશરે ૧૦ દિવસ પહેલાં જ ક્લિક કરવામાં આવી હતી. આ પ્રશ્નો મેળવવા માટે આપેલી રૂપિયા પાંચ લાખની લાંચની રકમ પણ સીબીઆઈએ અન્ય એક આરોપી મનોજ ભગવાનરાવ શિરૂરેના ઠેકાણેથી રિકવર કરી લીધી છે.

આ હાઈ-પ્રોફાઈલ પેપર લીક કેસમાં સીબીઆઈ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેઓ હાલ જેલમાં બંધ છે. ઉલ્લેખનીય છે કે ૩ મેના રોજ લેવાયેલી આ પરીક્ષામાં દેશભરમાં ભારે હોબાળો મચ્યા બાદ, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા ૧૨ મેના રોજ પરીક્ષા રદ કરવામાં આવી હતી અને ત્યારબાદ ૨૧ જૂને આ પરીક્ષા ફરીથી યોજાઈ હતી.

### ગગનયાન મિશન અને અન્ય મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ

# ISRO કેમ છોડી રહ્યા છે વૈજ્ઞાનિકો? રાજીનામા રોકવા સરકારે લીધો મોટો નિર્ણય

**તાજેતરના મહિનાઓમાં ઓછામાં ઓછા ૧૦૦ થી ૧૨૦ વૈજ્ઞાનિકો અને સ્ટાફ સભ્યોએ સંસ્થા છોડી દીધી છે**

નવી દિલ્હી, તા.૧૬

ISROના મહત્વપૂર્ણ મિશન સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકોમાં રાજીનામાના ચાલુ વલણને રોકવા માટે અવકાશ વિભાગે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ૧૪ જુલાઈના રોજ જારી કરાયેલા એક નવા આંતરિક મેમોરેન્ડમમાં ગગનયાન અને રાષ્ટ્રીય મહત્વના અન્ય મિશન પર કામ કરતા વૈજ્ઞાનિકો માટે રાજીનામા અને સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના (VRS) અરજીઓ સંબંધિત નિયમો કડક બનાવવામાં આવ્યા છે. આ વિકાસ મીડિયા રિપોર્ટમાં જાહેર કરવામાં આવ્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ, જ્યારે અવકાશ વિભાગે સત્તાવાર રીતે રાજીનામાની સંખ્યા જાહેર કરી નથી, ISRO ના અનેક સ્ત્રોતો સૂચવે છે કે તાજેતરના મહિનાઓમાં ઓછામાં ઓછા ૧૦૦ થી ૧૨૦ વૈજ્ઞાનિકો અને સ્ટાફ સભ્યોએ સંસ્થા છોડી દીધી છે. એક સ્ત્રોતે જણાવ્યું હતું કે લગભગ ૮૦ વ્યક્તિઓએ એકલા UR રાવ સેટેલાઈટ સેન્ટર (URSC) માંથી રાજીનામું આપ્યું છે, જ્યારે ઓછામાં ઓછા ૨૦ કર્મચારીઓએ વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC) છોડી દીધું છે. સ્ત્રોતો ઉમેરે છે કે અન્ય કેસ માટે પ્રક્રિયા ચાલુ છે, તેથી આ આંકડો વધુ વધી શકે છે.

સરકારે તમામ ISRO કેન્દ્રોને ગગનયાન અને અન્ય મુખ્ય પ્રોજેક્ટ્સ પર કામ કરતા વૈજ્ઞાનિકોના રાજીનામા અથવા નિવૃત્તિ અરજીઓ સીધી સ્વીકારવા નહીં તે સૂચના આપી છે. દરેક કેસને અવકાશ વિભાગને મોકલવો જોઈએ, જ્યાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. સરકારે આવા કેસોની વધતી સંખ્યાને સ્વીકારી છે, જે દેશના મુખ્ય મિશનને અસર કરી રહી છે. આ આદેશ મુદ્દાની ગંભીરતાને રેખાંકિત કરે છે.

ISRO દેશના તેજસ્વી યુવા દિમાગને આકર્ષિત કરતો હતો. રાષ્ટ્ર માટે કંઈક મહત્વપૂર્ણ હાંસલ કરવાની ઈચ્છાથી પ્રેરિત વ્યક્તિઓ. જો કે, ઘણા યુવા વૈજ્ઞાનિકો હવે છોડી રહ્યા છે. કારણો સીધા છે: ઉચ્ચ પગાર, ઝડપી પ્રમોશન, વધુ સારું કાર્ય વાતાવરણ, ઓછી અમલદારશાહી અને અન્યત્ર ઓફર કરાયેલ શ્રેષ્ઠ કાર્ય-જીવન સંતુલન. ખાનગી અવકાશ કંપનીઓ આકર્ષક પેકેજો ઓફર કરી રહી છે. ISRO ની અંદર, કેટલાકને લાગે છે કે નવીન વિચારોમાં જગ્યાનો અભાવ છે, નિર્ણય લેવાની ક્ષમતા ધીમી છે, અને તેમની મહેનતની કદર કરવામાં આવતી નથી. જ્યારે નોકરીનો સંતોષ ઓછો થાય છે, ત્યારે લોકો છોડી દે છે.

સરકારે IN-SPACE સ્થાપિત કરીને ખાનગી કંપનીઓને અવકાશ ક્ષેત્રમાં કામ કરવા માટે અધિકૃત કરી એક સકારાત્મક પગલું. ખાનગી કંપનીઓ હવે રોકેટ અને ઉપગ્રહોનું ઉત્પાદન કરી રહી છે અને અવકાશ સેવાઓ પૂરી પાડી રહી છે. જો કે, આ ઈકોસિસ્ટમની સફળતા મજબૂત ISRO પર નિર્ભર છે. જો અનુભવી ISRO કર્મચારીઓ છોડી દે છે, તો નવી તકનીકો કોણ વિકસાવશે? ગગનયાન મિશનમાં માનવોને અવકાશમાં મોકલવાનો સમાવેશ થાય છે – એક કાર્ય જેમાં ભારે સાવધાની અને કુશળ કર્મચારીઓની જરૂર હોય છે. તેમના પ્રસ્થાનથી મિશન જોખમમાં મુકાશે.

ઈસરોની સફળતાનું રહસ્ય વૈજ્ઞાનિકોને આપવામાં આવેલી સ્વતંત્રતા, ભૂલોમાંથી શીખવાની સંસ્કૃતિ અને ટીમવર્ક પર ભાર મૂકવામાં આવ્યું હતું. વિક્રમ સારાભાઈ અને સતીશ ધવન જેવા સ્વપ્નદ્રષ્ટાઓએ અહીં એક અનોખી સંસ્કૃતિ સ્થાપિત કરી.

### અષાઢી બીજે હજારોની સંખ્યામાં ઉમટ્યા ભક્તો!

# અમદાવાદના હાથીજણ સ્થિત રામદેવજી-નેતલ દેનું એકમાત્ર મંદિર

**ભક્તો દૂર-દૂરથી પદયાત્રા કરીને આવે છે અને માનતા પૂરી થતા પ્રસાદ, શ્રીફળ અને કાપડના ઘોડા અર્પણ કરે છે**

અમદાવાદ, તા.૧૬

અષાઢી બીજના પવિત્ર દિવસે અમદાવાદ અને જગન્નાથપુરીમાં ભગવાન જગન્નાથની રથયાત્રાનું જેટલું ભવ્ય મહત્ત્વ છે, તેટલું જ અનેરું મહત્ત્વ અમદાવાદના હાથીજણ સર્કલ પાસે આવેલા લાલગેબી આશ્રમ સ્થિત રામદેવપીર મહારાજના મંદિરે દર્શન કરવાનું છે. સમગ્ર ગુજરાતમાં આ એકમાત્ર એવું પવિત્ર સ્થાનક માનવામાં આવે છે જ્યાં રામદેવપીર અને માતા નેતલ દે એકસાથે બિરાજમાન છે. વર્ષની તમામ ૧૨ બીજમાં અષાઢી બીજને સૌથી મોટી બીજ માનવામાં આવે છે, જેથી આજના દિવસે અહીં દર્શન કરવાનો લ્હાવો અતુલ્ય છે.

હાથીજણ ગામના આ પરિસરમાં રામદેવપીરના મંદિરની સાથે ભવ્ય નવગ્રહ મંદિર પણ આવેલું છે. લોકવાયકા અનુસાર, જે ભક્તો અહીં આવીને સાચા મનથી માનતા રાખે છે તેમની મનોકામનાઓ ચોક્કસ પૂર્ણ થાય છે. ભક્તો માનતા પૂરી થવા પર બાબા રામદેવપીરને સાકરનો પ્રસાદ, શ્રીફળ અને કાપડના ઘોડા અર્પણ કરે છે. શ્રદ્ધાળુઓ કષ્ટ નિવારણ માટે ૧૨ બીજ ભરવાની માનતા રાખે છે અને ઘણા ભક્તો તો દૂર-દૂરથી પદયાત્રા કરીને પણ અહીં આવે છે.દર વર્ષે સામાન્ય બીજના દિવસે પણ અહીં ૨૦ થી ૩૦ હજાર જેટલા શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટે છે, પરંતુ અષાઢી બીજ સૌથી મોટી હોવાથી આજે હજારોની મેદની જામી છે. તમામ ધર્મના લોકોને સન્માનપૂર્વક દર્શન થાય તે માટે આશ્રમ દ્વારા વિશેષ આયોજન કરાયું છે. ગુજરાતભરમાંથી આવતા ભક્તો માટે અહીં મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. મંદિરમાં ભક્તિની સાથે ભજનનો પણ અનોખો સંગમ જોવા મળે છે. સવારે સત્સંગ હોલમાં ભજનિકો દ્વારા ભક્તિરસના સૂર રેલાવવામાં આવે છે, જ્યારે રાત્રે ભવ્ય લોક ડાયરાની મોજ જામશે. ભક્તોની સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે સ્થાનિક પોલીસ અને ચુસ્ત સિક્યોરિટી પણ તૈનાત કરવામાં આવી છે. આ પવિત્ર ભૂમિનો ઈતિહાસ ગુજરાતના મહાન સંત લાલ બાપા સાથે જોડાયેલો છે. ભ્રમણ કરતાં-કરતાં લાલ બાપા જ્યારે અમદાવાદના હાથીજણ ગામે પધાર્યા, ત્યારે સ્થાનિક ઠાકોર-ક્ષત્રિય સમાજના લોકોએ તેમને અહીં જ રોકાઈ જવા આહવાન કર્યું હતું. ત્યારબાદ, વર્ષ ૧૯૭૨ માં અહીં 'લાલગેબી અમરધામ આશ્રમ' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને રામદેવપીરના મંદિરની સ્થાપના કરવાનો સંકલ્પ લેવાયો. ત્યારથી લઈને આજદિન સુધી આસ્થાનું આ કેન્દ્ર લાખો ભક્તોની શ્રદ્ધાનું પ્રતીક બન્યું છે.

### હવે કંપનીએ આપવી પડશે નવી કાર

# E20 પેટ્રોલથી ખરાબ થઈ ગાડી, દેશનો પહેલો કેસ વાહન માલિકની તરફેણમાં

**કન્ઝ્યુમર કોર્ટે એ સ્વીકાર્યું છે કે E20 પેટ્રોલના કારણે એન્જિન અને માઈલેજમાં સમસ્યાઓ જોવા મળી રહી છે**

રાયપુર, તા.૧૬

ભારતમાં E20 ફ્યુઅલને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે એક કેસમાં પહેલીવાર કોર્ટે આદેશ જાહેર કર્યો છે. છત્તીસગઢના રાયપુર જિલ્લામાં કન્ઝ્યુમર કોર્ટે ગાડીના માલિકની તરફેણમાં પોતાનો ચુકાદો સંભળાવ્યો છે. ખરેખર, કારના માલિકે આરોપ લગાવ્યો હતો કે E20 તેલના કારણે તેના વાહનને ઘણું નુકસાન પહોંચ્યું હતું અને વારંવાર રિપેર કરાવવા છતાં કોઈ રાહત ન મળી, માત્ર ખર્ચ જ વધ્યો.

ગ્રાહકનો દાવો હતો કે E20 પેટ્રોલ ભરાવ્યા પછીથી તેની કારના એન્જિનમાં ગરબડ થવા લાગી હતી. એન્જિનનું પરફોર્મન્સ ખરાબ થઈ ગયું, મિસફાયરિંગ અને માઈલેજમાં પણ ઘટાડો જોવા મળ્યો. વારંવાર સર્વિસ સેન્ટર પર લઈ જઈને કાર રિપેર કરાવવા છતાં આ સમસ્યાઓ યથાવત રહી, જેના કારણે ગ્રાહકનો ઘણો ખર્ચ થયો.આ કેસનું મુખ્ય કેન્દ્રબિંદુ એ સવાલ પર ટકેલું હતું કે શું E20 પેટ્રોલના કારણે વાહનોમાં ખરાબી આવી રહી છે? કાર બનાવતી કંપની અને ડીલરે એવો દાવો કર્યો હતો કે વાહનની મોડેલ E20 ફ્યુઅલ સાથે સરળતાથી ચાલી શકે છે. ડીલર તરફથી એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે ગાડીમાં આવી રહેલી સમસ્યાઓ માલિકની ભૂલ છે, જાળવણી યોગ્ય રીતે ન થવાને કારણે અને સામાન્ય ઘસારાને લીધે વાહનમાં ખરાબી આવી છે. જોકે, ફરિયાદીનું કહેવું હતું કે વર્ષ ૨૦૨૪ માં ખરીદેલી ગાડી અત્યાર સુધી બિલકુલ ઠીક ચાલી રહી હતી, પરંતુ E20 પેટ્રોલ ભરાવ્યા પછીથી તેમાં સતત મુશ્કેલીઓ આવતી ગઈ.

કાર માલિકે આ કેસ જાણીતી કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ પર કર્યો હતો. કોર્ટે સુનાવણી બાદ કંપનીને નિર્દેશ આપ્યા છે કે ૪૫ દિવસની અંદર તે જ મોડેલની નવી કાર ફરિયાદીને આપવામાં આવે. આ ગાડી E20 ફ્યુઅલથી ચાલવા યોગ્ય હોવી જોઈએ. જો કંપની એવું નહીં કરે, તો વાહન માલિકને કારની પૂરી કિંમત પરત કરવી પડશે. આ રકમ ૨૦.૫૦ લાખ રૂપિયા હશે. આટલું જ નહીં, કોર્ટે ફરિયાદીને થયેલી માનસિક સતામણી બદલ પણ ૧ લાખ રૂપિયાનું વળતર અને કેસના ખર્ચ પેટે ૧૦ હજાર રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો છે.કન્ઝ્યુમર કોર્ટ સમક્ષ ફરિયાદીએ એ બાબતના પુરાવા રજૂ કર્યા કે તેની ગાડીના એન્જિનમાં E20 ફ્યુઅલ જમા થયેલું જોવા મળ્યું હતું. વર્કશોપમાં તેને રિપેર કરાવવામાં આવ્યું, પરંતુ તેના થોડા જ દિવસો પછી પેટ્રોલ ટેન્કમાં કોઈ સફેદ અને ચીકણું પ્રવાહી (લિક્વિડ) મળ્યું. એન્જિનમાં થયેલું નુકસાન સતત વધતું ગયું. આ માટે કન્ઝ્યુમર કોર્ટે કાર કંપનીને જવાબદાર ગણી છે.

### ૪૪ કરોડની ખંડણી ચૂકવાઈ

# સુરતના હીરા વેપારી ધીરુ રામાણીનો અલ કાયદાની કેદમાંથી 3 મહિને છુટકારો

સુરત, તા.૧૬

પશ્ચિમ આફ્રિકાના દેશ માલીમાં આશરે ૩ મહિના પહેલાં અપહરણ કરાયેલા સુરતના જાણીતા ડાયમંડ ઉદ્યોગપતિ ધીરુ રામાણીનો આખરે હેમખેમ છુટકારો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ધીરુ રામાણીના પરિવારજનો પાસે અપહરણકારોએ ૧૦૦ કરોડ રૂપિયાની માંગણી કરી હતી, પરંતુ અંતે ૪ મિલિયન યુરો એટલે કે આશરે રૂ. ૪૪ કરોડની જંગી ખંડણી ચૂકવ્યા બાદ તેમનો છુટકારો થયો છે.

૭૫ વર્ષીય ઉદ્યોગપતિ ધીરુ રામાણી બે વર્ષ પહેલાં એક મોટા ગોલ્ડ માઈનિંગ પ્રોજેક્ટના સંચાલન માટે માલી શિફ્ટ થયા હતા. અહીં ધીરુ રામાણી સાથે તેમના રસોઈયા અને ઈલેક્ટ્રિશિયનનું પણ અપહરણ થયું હતું. તેમના પરિવારના સભ્યોએ તપાસ કરતાં માલુમ પડ્યું હતું કે, આ અપહરણ કોઈ સ્થાનિક ગુનેગારોએ નહીં, પરંતુ અલ-કાયદા સાથે જોડાયેલા કટ્ટરપંથી જૂથે કર્યું હતું. રામાણી પરિવારના એક નજીકના સગાએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે, 'અમારી પાસે વાટાઘાટો કરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. અમારા વડીલના સુરક્ષિત પુનરાગમન માટે આખી પ્રક્રિયા પરિવારે જ સંભાળી હતી. તેમાં કોઈ સરકારી એજન્સીની મદદ લેવાઈ નથી.' અપહરણકારોએ ધીરુ રામાણી અને અન્ય બે ભારતીયો જીવિત હોવાની સાબિતી આપવા માટે એક વીડિયો કોલ પણ કરાવ્યો હતો, જેના આધારે આ ડીલ ફાઈનલ થઈ હતી.

ધીરુ રામાણી આંતરરાષ્ટ્રીય હીરા ઉદ્યોગમાં ખૂબ મોટું નામ છે. તેઓ રામાણી એક્સપોર્ટ નામે ડાયમંડ ફેક્ટરી ધરાવે છે, તેમજ ન્યૂયોર્કમાં CBD ડાયમંડ એન્ડ જ્વેલરીના શો-રૂમ્સ છે. સુરતમાં પણ તેમનું બિઝનેસ નેટવર્ક સક્રિય છે. હાલ તેમનો પરિવાર અમેરિકામાં સ્થાયી છે અને તેમના પુત્રો અમેરિકન નાગરિક છે.

સુરતના એક વરિષ્ઠ હીરા વેપારીએ જણાવ્યું કે, આ ઘટનાએ આફ્રિકન દેશોમાં રોકાણ કરનારા સુરતના સાહસિકોને ચિંતામાં મૂકી દીધા છે. સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં કામ કરતા ભારતીય વેપારીઓની સુરક્ષાને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. હાલમાં જ માલીમાં વધતા સુરક્ષા જોખમો અને અપહરણના ભય અંગે સત્તાવાર એડવાઈઝરી પણ બહાર પાડવામાં આવી હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઈ-મેઈલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### અમેરિકા-ઈરાન યુદ્ધની અસર

# ભારતે ડીઝલ અને ફ્યુઅલ જેટ ઈંધણની નિકાસ પર ટેક્સ વધાર્યો

**ડીઝલ પર પ્રતિ લિટર ૮.૫ થી વધારીને ૧૫.૫૦ રૂપિયા અને ATF પર ૭.૫૦ થી વધારીને ૧૪.૫ રૂપિયા કરાયો**

નવી દિલ્હી, તા.૧૬

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સંઘર્ષના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો સતત વધી રહી છે. આ વૈશ્વિક કટોકટી વચ્ચે ભારત સરકારે દેશમાં ઈંધણની તંગી અને મોંઘવારી રોકવા માટે મોટો નિર્ણય લીધો છે. સરકારે ડીઝલ અને જેટ ઈંધણ (ATF)ના નિકાસ પરના વિન્ડફોલ ટેક્સમાં મોટો વધારો ઝીંકી દીધો છે. આ નવા દરો આજથી એટલે કે ગુરુવાર, ૧૬ જુલાઈથી જ અમલી બની ગયા છે.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આદેશ અનુસાર, ડીઝલના નિકાસ પરનો વિન્ડફોલ ટેક્સ પ્રતિ લીટર ૮.૫ રૂપિયાથી સીધો વધારીને ૧૫.૫૦ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિમાનમાં વપરાતા એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) એટલે કે જેટ ઈંધણ પરનો ટેક્સ પણ પ્રતિ લીટર ૭.૫૦ રૂપિયાથી વધારીને ૧૪.૫ રૂપિયા કરવામાં આવ્યો છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ મોંઘું થતાં સરકારે નિકાસને અંકુશમાં લેવા આ પગલું ભર્યું છે. આર્થિક વિશ્લેષકોના મતે, સરકારના આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ દેશની અંદર પેટ્રોલ, ડીઝલ અને જેટ ઈંધણની કિંમતોને નિયંત્રણમાં રાખવાનો છે. જો સરકાર નિકાસ પરનો ટેક્સ ન વધારે, તો ભારતની ખાનગી રિફાઈનિંગ કંપનીઓ વધુ નફો કમાવવાની લાલચમાં સ્થાનિક બજારમાં સપ્લાય કરવાને બદલે વિદેશોમાં ઈંધણ મોકલવાનું વધારી દે. જો એવું થાય તો ભારતમાં ઓઈલની ભારે તંગી સર્જાય અને મોંઘવારી આસમાને પહોંચી શકે છે, જેને રોકવા સરકારે આ વ્યૂહનીતિ અપનાવી છે.

નિકાસ પર ટેક્સ વધવાને કારણે રિફાઈનરી કંપનીઓ માટે વિદેશમાં ડીઝલ વેચવું મોંઘું પડશે, જેથી તેઓ સ્થાનિક બજારમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવશે. દેશમાં ડીઝલનો પૂરતો સ્ટોક રહેવાથી માલસામાનની હેરફેરનો ખર્ચ (ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ) સ્થિર રાખવામાં મદદ મળશે. આના કારણે સામાન્ય જનતા પર જીવનજરૂરી ચીજવસ્તુઓની મોંઘવારીનો સીધો અને તાત્કાલિક બોજ નહીં પડે.

બીજી તરફ, જેટ ઈંધણ (ATF) પર નિકાસ ટેક્સ વધારવાના કારણે દેશની સ્થાનિક એરલાઈન્સ કંપનીઓ માટે ઈંધણની અછત નહીં સર્જાય. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલ મોંઘું થવાને કારણે વૈશ્વિક બજારમાં જેટ ઈંધણની કિંમતો ઊંચી રહેશે. આ સ્થિતિને જોતાં આગામી દિવસોમાં એરલાઈન્સ કંપનીઓ ભાડામાં વધારો કરી શકે છે, જેનાથી સામાન્ય લોકો માટે હવાઈ સફરની ટિકિટો મોંઘી થવાની પૂરેપૂરી શક્યતા છે.

### ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ તબાહ

# અમેરિકા-ઈરાન તણાવ ચરમસીમાએ; હોર્મુઝ સ્ટ્રેટ પર બીજો મોટો પ્રહાર

**આ પહેલા ૧૩ એપ્રિલથી ૧૮ જૂન દરમિયાન પણ અમેરિકાએ ઈરાની બંદરો બ્લોક કરીને ૯ જહાજો નિષ્ક્રિય કર્યા હતા અને ૧૪૦ થી વધુ જહાજોના રૂટ ડાયવર્ટ કર્યા હતા**

વોશિંગ્ટન, તા.૧૬

પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં સૈન્ય તણાવ અત્યંત ખતરનાક સ્તરે પહોંચી ગયો છે. અમેરિકાએ ઈરાન સામેની સૈન્ય કાર્યવાહીના સતત પાંચમા દિવસે પણ ઈરાની સૈન્ય ઠેકાણાઓ પર ભીષણ હુમલા ચાલુ રાખ્યા છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, હોર્મુઝ જળડમરુમધ્યમાં ઈરાનના બંદરો પર લાદવામાં આવેલી નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહેલા એક ખાલી ઓઈલ ટેન્કરને અમેરિકી એરક્રાફ્ટે હેલફાયર મિસાઈલો દાગીને નિષ્ક્રિય કરી દીધું છે, જેથી તે આગળ વધી શક્યું નથી.અમેરિકા દ્વારા કરવામાં આવેલા આ હવાઈ હુમલાના નવા રાઉન્ડ બાદ ઈરાનના અનેક વિસ્તારો ધડાકાઓથી ગુંજી ઉઠ્યા હતા. જેમાં દક્ષિણના મુખ્ય બંદર શહેર બંદર અબ્બાસ, તેમજ અહવાઝ અને ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતા ચાબહાર શહેરનો સમાવેશ થાય છે. ઈરાની સરકારી મીડિયાના અહેવાલ મુજબ, અહવાઝમાં કેન્સર પીડિત બાળકોની હોસ્પિટલ (શાહિદ બગાઈ હોસ્પિટલ) ની નજીક જ અમેરિકી મિસાઈલ પડવાને કારણે દર્દીઓ અને તેમના પરિવારોને તાત્કાલિક ત્યાંથી ખસેડવા પડ્યા હતા. આ આસપાસના રહેણાંક વિસ્તારો અને મકાનોની બારીઓના કાચ તૂટી ગયા હોવાના અહેવાલ છે.વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, આ સમગ્ર સૈન્ય ઓપરેશન આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સીધા નિર્દેશ પર હાથ ધરવામાં આવ્યું છે. અમેરિકાનો દાવો છે કે ઈરાન આંતરરાષ્ટ્રીય જહાજોને ડરાવવા અને વૈશ્વિક વેપાર ખોરવવાનું કામ કરી રહ્યું હતું. બુધવારે બપોરે ૩:૦૦ વાગ્યે શરૂ થયેલી આ બીજી મોટી સૈન્ય કાર્યવાહીને કારણે વૈશ્વિક બજાર અને ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈન પર મોટું સંકટ ઊભું થયું છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ૧૩ એપ્રિલથી ૧૮ જૂન દરમિયાન પણ અમેરિકાએ ઈરાની બંદરો બ્લોક કરીને ૯ જહાજો નિષ્ક્રિય કર્યા હતા અને ૧૪૦ થી વધુ જહાજોના રૂટ ડાયવર્ટ કર્યા હતા.

# અમરેલી : રાજયમંત્રી કૌશિક વેકરીયાનાં હસ્તે વાંકિયા અને ભુખલી–સાંથળી ખાતે નવા નીરનાં વધામણા



અમરેલી જિલ્લામાં સારા વરસાદના પગલે જળાશયો અને તળાવોમાં નવા નીરની આવક થતાં આજે કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વાંકિયા તેમજ ભુખલી–સાથળી ખાતે નવા નીરના વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. રાજય સરકાર જળસંચય અને જળ સંરક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં ઉનાળા દરમિયાન અમરેલી–વડિયા–કુંકાવાવના ૧૧૫ ગામોમાં તળાવો ઊંડા કરવાની કામગીરી, વરસાદી જળના સંગ્રહ તેમજ જળ સંપત્તિના સંવર્ધન માટે અસરકારક આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેના પરિણામે આ વર્ષે સારા વરસાદથી જળાશયો અને તળાવો નવા નીરથી છલકાઈ રહ્યા છે, જે ખેડૂતો તેમજ ગ્રામ્ય વિસ્તારો માટે શુભ સંકેત છે. ઉનાળાની ઋતુ દરમિયાન ૧૩૦ હીટાચી મશીન દ્વારા પ્રતિગામ ૬૦૦ કલાક તળાવો ઉંડા કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેટકો અને પીજીવીસીએલના આર્થિક અનુદાનની મદદથી આ કામગીરીને બળ મળ્યુ હતું. સૌરાષ્ટ્રમાં પાણી માટે કામકરતા એન જીઓ ગીરગંગા ફાઉન્ડેશન દ્વારા આ કામમાં ટેકનિકલ સહાયતા કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન રાજયમંત્રી દ્વારા નવા નીરના વધામણા કરી જિલ્લામાં સુખાકારી, સમૃદ્ધિ અને સારા વરસાદ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતા સભ્ય આશિષભાઈ અકબરી, ડેનીભાઈ પરમાર, અગ્રણી અતુલભાઈ કાનાણી, મયૂરભાઈ માંજરીયા, મધુભાઈ હરખાણી, ચેતનભાઈ ધાનાણી, યોગેશભાઈ લાખાણી, વિવિધ હોદ્દેદારો સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં ગ્રામ્ય વિસ્તારોમાં

તથા લેબોરેટરી સહિતની સુવિધાઓ મંજૂર કરવા શિક્ષણમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ગમાપીપળીયા ગામમાં સરસમળિયા દાદાના મંદિરથી મોટા દેવળીયા સુધી સુવિધા પથ (રસ્તો) બનાવવા માર્ગ અને મકાન વિભાગને રજૂઆત કરવામાં આવી છે, જેથી ગ્રામજનોને અવરજવરમાં સરળતા મળી શકે.

તે ઉપરાંત બળેલ પીપરીયા સહિતના વિસ્તારના વિદ્યાર્થીઓને શાળાએ જવા–આવવામાં મુશ્કેલી ન પડે તે માટે બગસરા–બાબરા એસ.ટી. બસનો સમય બદલવા તેમજ જરૂરી ગામોને આવરી લેતો રૂટ નક્કી કરવાની માંગ પણ કરવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારોના વિકાસ અને જનસુવિધાઓમાં વધારો થાય તે માટે કરવામાં આવેલી આ રજૂઆતોને સ્થાનિક લોકો દ્વારા આવકારવામાં આવી રહ્યો છે. વિવિધ પ્રશ્નોના હકારાત્મક ઉકેલની હવે લોકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં યુવકને હનીટ્રેપમાં

કહી યુવક પાસેથી એક લાખ રૂપિયા બળજબરી પુર્વક કઢાવી લીધાની બે મહિલા સહિત ચારેય આરોપીઓ સામે યુવકે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અમરેલીમાં રહેતા આરોપી ધવલભાઈ મોદી, તેમના પત્ની આરતી મોદી, રાહુલભાઈ જેના મોબાઈલ નંબર ૮૧૫૫૦૩૭૪૧૬ તથા આ રાહુલભાઈના પત્નીએ એકસંપ કરી તમામ આરોપીઓએ પુર્વઆયોજીત ગુનાહિત કાવતરૂ રચી અને અમરેલી ગામે આવેલ વરૂડી રોડ ઉપર, ઈંટો પાસે રહેતા નીલેશભાઈ વિઠ્ઠલભાઈ માળવી નામના ૩૩ યુવકને આરોપી આરતી મોદીએ ફોન કરી ગત તા. ૧૪ના રોજ સવારે ૮ વાગ્યાના સમયે યુવકને મોટર સાયકલ લઈને અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ સંકુલ પાસે બોલાવેલ હતો. અને તેણીએ જણાવેલ કે, પોતાની માનતા હોવાથી તેણીની સાથે ધારી ખોડીયાર મંદિર ખાતે આવવાનું કહીને તેણી આ યુવકના મોટર સાયકલ ઉપર બેસી ગયેલ હતી.

બાદમાં ધારી ખોડીયાર ખાતે પહોંચી ગયા બાદ આરતી મોદીએ ફોન કરતા ત્યાં આરોપી રાહુલભાઈ અને રાહુલભાઈના પત્ની ત્યાં આવી ગયેલ હતા. અને આરોપી રાહુલે આરોપી ધવલભાઈ મોદીને તેમની પત્ની આરતી મોદી અહીં મળી ગયેલ હોવાનું કહીને ત્યા ધારી ખોડિયાર મંદિરે બોલાવતા હતા. અને આરોપી ધવલભાઈ મોદીને તુર્તજ ત્યા આવી ગયેલ હતો. અને આવીને યુવકને લાફો મારી દીધેલ હતો.

ત્યારે આરોપી આરતી મોદીએ તેણીના પતિને કહેલ કે, આ યુવક તેણીને ધારી ખોડીયાર ખાતે બળ જબરી પુર્વક લઈ આવેલ છે. તેમ કહી આ ચારેય આરોપીઓએ યુવકને ગાળો આપી યુવકને છરી બતાવી અને યુવકને ડરાવી ધમકાવી યુવકને ભયમાં મુકી મામલો પતાવવા માટે આરોપીઓએ યુવક પાસે રૂપિયા ત્રણ લાખ માંગેલ હતા. ત્યારે યુવકે પોતાની પાસે ત્રણ લાખ નહી હોવાનું જણાવતા રૂપિયા એક લાખ રૂપિયામાં મામલો પતાવવાનું કહી યુવક પાસેથી એક લાખ રૂપિયા બળજબરી પુર્વક કઢાવી લીધાની ચારેય આરોપીઓ સામે યુવકે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૦૦ | ૧૩૩૦ |
| ૨ | શિંગદાણા | ૧૬૯૫ | ૨૦૦૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૬૬૫ | ૧૮૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૮૫ |
| ૫ | તલ કાળા | ૨૨૦૦ | ૩૭૯૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૪૪૦ | ૨૪૪૦ |
| ૭ | બાજરો | ૪૬૫ | ૪૬૫ |
| ૮ | જુવાર | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૬૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૩૫ |
| ૧૧ | અડદ | ૧૪૭૦ | ૧૭૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૬૫ | ૧૧૯૦ |
| ૧૩ | સફેદ ચણા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૪ | છોલે ચણા | ૧૦૫૦ | ૧૪૪૫ |
| ૧૫ | તુવેર | ૯૩૦ | ૧૧૮૦ |
| ૧૬ | કપાસ | ૧૦૫૦ | ૧૯૫૫ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૧૮ | જીરૂ | ૩૧૫૦ | ૩૧૫૦ |
| ૧૯ | ધાણી | ૨૫૦૦ | ૨૮૩૫ |
| ૨૦ | મેથી | ૧૧૨૦ | ૧૨૮૫ |
| ૨૧ | સોયાબીન | ૧૧૭૫ | ૧૫૧૦ |

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલા પાલિકાએ રખડતા

જનતાને ગણકારતા નથી. કાગળ પર આખલા પકડાઈ ગયા પણ રસ્તા પર તો હજુ અ જ આતંક યથાવત છે ! આ પોર્ટલ માત્ર શોભાનો નમૂનો છે. જો તંત્ર ઓનલાઈન સિસ્ટમના નામ આવી જ લાલિયાવાડી ચલાવવાનું હોય તો તાત્કાલિક ધોરણ આ પોર્ટલ બંધ કરવું જોઈઅ.''

આ મામલ નગરસેવક દ્વારા ગાંધીનગર વહીવટી નગરપાલિકાના મુખ્ય નિયામકને લખિત રજૂઆત કરી નગરપાલિકાના અસી કબિનોમાં બસીન કાગળ પર ઘોડા દોડાવતા જવાબદાર અધિકારીઓ સામ કડક પગલાં ભરવા માંગ કરી છે.

## પાના ૮ ઉપરનું ચાલું ઉના પોલીસ સ્ટેશનમાં

૫૦૦ની લાંચ સ્વીકારતા એસીબીની ટીમે તેમને રંગેહાથ ઝડપી પાડયા હતા. આરોપી પાસેથી રૂા. ૫૦૦ની લાંચની રકમ પણ કબ્જે કરવામાં આવી હતી.

આ સમગ્ર ટ્રેપની કાર્યવાહી પોલીસ ઈન્સ્પેકટર બી.કે. ગમાર, પોરબંદર એસીબી પોલીસ સ્ટેશન તથા તેમની ટીમે હાથ ધરી હતી. કામગીરીનું સુપરવિઝન બી.કે. ગમાર (ઈન્ચાર્જ મદદનીશ નિયામક, એસીબી, જુનાગઢ એકમ) દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે સમગ્ર કામગીરી નાયબ નિયામક બળ દેવસિંહ વાઘેલા એસીબી રાજકોટના માર્ગદર્શન હેઠળ સંપન્ન થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, ચાર દિવસ અગાઉ જ ઉના–જખોબંદર રૂટના એસ.ટી. બસના કંડકટરને રૂા. ૨૦૦૦ની લાંચ લેતા એસીબીએ રંગેહાથ ઝડપી પાડયો હતો. ટુંકાગાળામાં ગીર સોમનાથ જિલ્લામાં લાંચખોરીના બે કિસ્સા સામે આવતા સરકારી તંત્રમાં ચર્ચા જાગી છે.

## પાના ૧ ઉપરનું ચાલું નાની ધારી ગામનાં યુવકની હત્યા

ફોરવ્હીલએ આરોપીએ તલવાર લઈ તિક્ષ્ણ તલવાર વડે મરણજનારના માથાના ભાગે મરણોતર બે ઘા મારી કરપીણ હત્યા નાખી હતી.

જાફરાબાદ તાલુકાના કંથારીયા ગામ રહતા મયુરભાઈ વલકુભાઈ વરૂને ઈંગોરાળા ડુંગરી ગામે રહતા ગલુભાઈ મરામભાઈ વાળાની દિકરી સુર્મિલાબેન ગલુભાઈ સાથ સગાઈ થયલ હતી. અને તણીની ખાંભા તાલુકાના નાની ધારી ગામ રહતા જયરાજભાઈ ઉર્ફ લાલાભાઈ ગોદડભાઈ ધાખડા ભગાડી લઈ જઈ તણીની સાથ પ્રેમ લગ્ન કરી લીધલ હતા. તે વાતનું મન દુઃખ રાખી ગઈકાલ તા. ૧૫ના રોજ બપોરના ૩ઃ૩૦ વાગ્ય આરોપી મયુરભાઈ વલકુભાઈ વરૂ તેમના હવાલા કબ્જાની ફોરવ્હીલ ગાડીમાં તમની સાથેના અન્ય ત્રણ અજાણ્યા આરોપીઓને બેસાડી નાની ધારી ગામેથી ઈંગોરાળા ગામે ગોંવિદભાઈ મધુભાઈ માંગરોળીયાની વાડીખેતરની પાસ લઈ આવી ત્યાં મરણ જનાર જયરાજભાઈ ઉર્ફે લાલાભાઈ ધાખડાની ટુવ્હીલ મોટર સાયકલની પાછળ ફોરવ્હીલ ગાડી ભકટાવી તેને તથા ઈજા પામનાર શક્તિરાજ બન્નેને પછાડી દઈ ફોરવ્હીલ તેમની પાસ ઉભી રાખી આરોપી મયુરભાઈ વલકુભાઈ વરૂએ તેમનીના હાથમાં તલવાર લઈ તથા અન્ય ત્રણ અજાણ્યા આરોપીઓએ કુહાડી, લોખંડનો પાઈપ, સાથે નીચ ઉતરી મરણ જનાર જયરાજભાઈ ઉર્ફે લાલાભાઈ પાસ જઈ ત્રણ અજાણ્યા ઈસમોએ હથિયારો વડે જયરાજભાઈને આડેધડ ઘા મારી તથા તેમની સાથે રહેલા શક્તિરાજને પણ જમણા હાથ ઉપર લોખંડના પાઈપના ઘા મારી તથા આરોપી મયુરભાઈએ તમની પાસ રહેલ તિક્ષ્ણ તલવાર વડે મરણજનાર જયરાજભાઈના માથાના ભાગે મરણોતર બે ઘા મારી કરપીણ હત્યા નાખી હતી.

આ અંગે ખાંભા તાલુકાના નાની ધારી હનુમાનજી મંદિર પાછળ રહેતા ગૌતમભાઈ ઘીરૂભાઈ વાળાએ આરોપી મયુરભાઈ વલકુભાઈ વરૂ તથા ત્રણ અજાણ્યા ઈસમો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૫૮૦ |
| ૨ | તલ કાળા | ૩૨૦૦ | ૩૬૫૦ |
| ૩ | જીરૂ | ૩૫૦૦ | ૩૯૫૨ |
| ૪ | કપાસ | ૧૬૮૧ | – |
| ૫ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૧૦ |
| ૭ | બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| ૮ | સફેદ જુવાર | ૪૫૦ | ૧૨૪૫ |
| ૯ | મગ | ૧૪૦૦ | ૧૫૭૫ |
| ૧૦ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૪ |
| ૧૧ | તુવેર | ૧૩૦૦ | ૧૪૯૦ |
| ૧૨ | મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | ધાણા | ૨૮૫૦ | – |

## પાના ૧ ઉપરનું ચાલું ભોરીંગડાની નાલંદા વિદ્યાલયનાં

આ ઘટનામાં બાઈક પર સાથે રહેલા નાલંદા સ્કૂલના પ્રિન્સીપાલનો સદભાગ્યે આબાદ બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. અચાનક આવેલા પુરના કારણે વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

આ ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને તંત્ર સ્થળ પર દોડી આવ્યા હતા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મૃતક જગદીશ રંગપરાના મૃતદેહને લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.

અચાનક આવેલા પુરના કારણે બનેલી આ ઘટનાએ સમગ્ર લીલીયા પંથકમાં શોકની લાગણી ફેલાવી દીધી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદને પગલે નદી–નાળા અને વોંકળાઓમાં પાણીનો પ્રવાહ વધી જતાં સ્થાનિક તંત્ર ધ્વારા લોકોને સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલામાં રૂપિયા ૯ કરોડનાં ખર્ચથી

શહેરના સૌંદર્યમાં વધારો કરતી જૈન બોર્ડિંગથી માલધારી ચોક અને કબીર ટેકરી સુધીના આઈકોનિક રોડના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યુ. વિશાળ ફૂટપાથ, આકર્ષક લાઈટિંગ, હરિયાળી અને સુવ્યવસ્થિત શહેરી માળખા સાથે આ માર્ગ સાવરકુંડલાની નવી ઓળખ બનશે.

નગરપાલિકા વિસ્તારના નાગરિકોને શુદ્ધ અને પૂરતા પાણીની સુવિધા ઉપલબ્ધ રહે તે માટે નવી પાણીની ટાંકીના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામા આવ્યુ સાથે જ શહેરને વધુ સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા માટે આધુનિક વોટર બ્રાઉઝરનું લોકાર્પણ પણ કરવામાં આવ્યુ , જે સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવશે. સાથે સાથે એક પેડ મા કે નામ અંતર્ગત પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું હતું કે, સરદાર સાહેબની ભવ્ય પ્રતિમા અને સરદાર ચોકનું નિર્માણ મારા જાહેર જીવનની શ્રેષ્ઠ તક છે. લોહપુરૂષ સરદાર પટેલના આદર્શો અને રાષ્ટ્રીય એકતાના સંદેશને જીવંત રાખતું આ સ્થળ સાવરકુંડલાની નવી ઓળખ બનશે. શહેરના સર્વાંગી વિકાસ માટે અમે માત્ર ઈમારતો નહીં, પરંતુ ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છીએ.

જિલ્લા પોલીસ વડા સંજય ખારાટએ જણાવ્યું હતું કે, આધુનિક ડિજિટલ સુવિધાઓથી સજ્જ પોલીસ ચોકી શહેરની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે. ઝડપી પ્રતિસાદ, ટેકનોલોજી આધારિત કામગીરી અને નાગરિક મૈત્રી પોલીસિંગ માટે આ ચોકી મહત્વપૂર્ણ કેન્દ્ર સાબિત થશે.

નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાએ જણાવ્યું હતું કે, આઈકોનિક રોડ માત્ર એક માર્ગ નહીં પરંતુ આધુનિક, સુંદર અને વ્યવસ્થિત સાવરકુંડલાનું સ્વપ્ન છે. શહેરના સૌંદર્ય, વેપાર, પ્રવાસન અને નાગરિક સુવિધાઓમાં તેનો નોંધપાત્ર ફાયદો થશે.

આ તમામ વિકાસકાર્યો પૂર્ણ થયા બાદ સાવરકુંડલા શહેરમાં આધુનિક સુવિધાઓનો વ્યાપ વધશે, નાગરિકોના જીવનની ગુણવત્તામાં વધારો થશે અને શહેર વિકાસના નવા માપદંડ સ્થાપિત કરશે. લોકકેન્દ્રિત વિકાસ, રાષ્ટ્રીય ગૌરવ અને આધુનિક શહેરી આયોજનનો સમન્વય આ પ્રોજેકટોમાં સ્પષ્ટપણે જોવા મળશે.

સાવરકુંડલાના વિકાસયાત્રામાં આ પ્રસંગ એક ઐતિહાસિક સીમાચિહ્ન બની રહેશે અને શહેરને વધુ સુરક્ષિત, સ્વચ્છ, સુવિધાસભર અને ગૌરવશાળી બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

આ ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમમાં જીલ્લા પોલીસ અધિક્ષક, પોલીસ ઈન્સ્પેકટર, શહેર ભાજપ હોદ્દેદારો, નગરપાલિકા હોદ્દેદારો, સદસ્યો, જીલ્લા તેમજ શહેર ભાજપ હોદ્દેદારો, શહેરના વિવિધ સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહા હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૨ | શીંગ ફાડા | ૧૬૧૦ | ૧૬૧૦ |
| ૩ | સોયાબીન | ૧૩૧૧ | ૧૪૩૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૭૦૧ | ૨૧૦૦ |
| ૨ | તલ કાળા | ૨૩૨૩ | ૩૩૨૬ |
| ૩ | તલ પીળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૪ | બાજરો | ૪૬૨ | ૫૫૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૪૧ |
| ૬ | જુવાર | ૬૬૦ | ૧૩૦૦ |
| ૭ | મગ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૮ | તુવેર | ૧૨૨૨ | ૧૨૨૨ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૧૦ | સોયાબીન | ૧૪૮૦ | ૧૪૮૦ |

## પાના ૮ ઉપરનું ચાલું કુંકાવાવનાં રાંદલનાં દડવા ગામનાં

શ્યામ તથા બીજા બે અજાણ્યો ઈસમો મળી ચાર આરોપીઓ પોતાના હવાલા વાળી ફોરવ્હીલ કાર નંબર જી.જે.–૦૫ આર.જી.–૪૩૩૪ લઈ આવી અને આધેડના મોટરસાયકલની આડી ઉભી રાખી ગેરકાયદેસર અવરોધ કરી અને ચારેય આરોપીઓ નીચે ઉતરી આરોપીએ આધેડને કહેલ કે, તે કેમ આ બેનને મોટરસાયકલમાં બેસાડેલ હતા ? તેમ કહી આરોપીએ આધેડનો હાથ પકડી બળજબરીથી આધેડને ફોર વ્હીલ કારમાં બેસાડી આધેડનું અપહરણ કરી લઈ જઈ અને બીજા બે આરોપીઓએ આધેડને માર મારી બળાત્કારના કેસમાં ફસાવી દઈ આખી જીંદગી જેલમાં નાખી દેવાની અને સમાજમાં બદનામ કરી દેવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ આ આધેડ પાસે રૂપિયા ૨,૫૦,૦૦૦ ની ખંડણી માંગી હતી.

આધેડના મોબાઈલના ગુગલ પે એપ્લીકેશન મારફતે રૂા. ૫૮,૦૦૦ આરોપીએ બળજબરીથી આરોપીએ પોતે પોતાના મોબાઈલમાં સ્કેનર મારફતે યુપીઆઈ આઈડી રાજેશ પટેલ 33391@oksbiનીમાં ટ્રાન્સફર કરી પોતાનો સમાન ઈરાદો પાર પાડી લીધાની આધેડે નિલેષ ગૌસ્વામી તથા શ્યામ તથા બીજા બે અજાણ્યો ઈસમો તથા એક અજાણી મહિલા સહીત પાંચ આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલા–હાથસણી વચ્ચેનાં માર્ગનાં

વિભાગો વચ્ચેના વહીવટી તાલમલના અભાવ આખો રોડ અધ્ધરતાલ છે. રોડન નગરપાલિકા હસ્તક લવા માટ ચીફ ઓફિસરન વારંવાર લેખિત–મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ ઉકલ આવ્યો નથી. મંજૂર થયલા કરોડો રૂપિયામાંથી અમુક હિસ્સામાં આરસીસી રોડનું કામ બતાવી દવાયું, પરંતુ બાકીના અંદાજ ૭ કિલોમીટરના રસ્તા પર હજુ સુધી ડામરકામ શરૂ જ કરવામાં આવ્યું નથી.

અગાઉ જયાર મુખ્યમંત્રીનો કાર્યક્રમ યોજાયો ત્યાર આ જ તંત્ર દ્વારા રાતોરાત રોડ ચકાચક કરી દવામાં આવ્યો હતો. આ બાબતને ટાંકીને સ્થાનિક જનતા ઉગ્ર આક્રોશ સાથ પૂછી રહી છે કે, ''શું સારા અને સુરક્ષિત રસ્તાઓ મેળવવાનો અધિકાર માત્ર વીઆઈપી નેતાઓ અન અધિકારીઓને જ છે ? કરદાતા સામાન્ય નાગરિકો માટે આવા નર્કાગાર જવા રસ્તા કેમ ?''

''કરોડોના બજેટ છતાં રોડની હાલત ઠેરની ઠેર છે. સીસી રોડમાં તિરાડો ભ્રષ્ટાચારની ચાડી ખાય છે. તંત્ર વહેલી તક જાગે અને ગુણવત્તાયુકત આખો રોડ પૂર્ણ કરે તેવી માંગ ઉભી થઈ છે.''

જીગ્નેશભાઈ ભરાડ (કોંગ્રસ પ્રભારી) એ જણાવ્યું હતું કે, ''રોડ નગરપાલિકા હસ્તક લેવા બાબત વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર વામણું પૂરવાર થયું છે. વાહનચાલકો દરરોજ અકસ્માતનો ભોગ બની રહ્યા છે. જનતાના સ્વાસ્થ્ય અન સુરક્ષા સાથે થઈ રહેલા આ ચેડાં હવે ચલાવી લેવાશ નહીં.''

પૂર્વ નગરસેવક ભાવેશભાઈ બગડાએ જણાવ્યુ હતું કે, આ રોડ જિલ્લા પંચાયતના પ્રમુખની પોતાની સીટ હાથસણી અને કાનાતળાવ જેવા મહત્વના ગામોન જાડતો હોવા છતાં આટલી હદે ઉપેક્ષિત છે તે સ્થાનિક રાજકારણમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. હવે જોવાનું એ રહે છે કે ઊંઘતું વહીવટી તંત્ર કયારે જાગશે અને કયારે અહીંના ત્રાસી ગયેલા લોકોને આ દયનીય અન જાખમી રસ્તામાંથી મુકિત મળશે. જેસર રોડ ભુવા રોડ અમરેલી રોડ અરે શહેરના જૈન બોર્ડિંગથી માલધારી ચોક સુધી આઈકોનિક રોડ બને તો સાવરકુંડલા શહરનો આ હાથસણી રોડ કમ ઉપક્ષિત છે.


ઉટીયા પ્રાથમિક શાળા, તા. રાજુલા, જી. અમરેલી

:: જાહેર હરરાજી ::

ઉટીયા પ્રાથમિક શાળા તા. રાજુલા, જી. અમરેલી ની પ્રાથમિક શાળામાં એક (૧) ઓરડો જર્જરીત હાલતમાં હોય સક્ષમ સત્તાધિકારી દ્વારા તેને ઉતારી પાડવાની મંજુરી મળતા તેના કાટમાળની જાહેર હરરાજી તા. ૨૪/૦૭/૨૦૨૬ ને શુક્રવારના રોજ બપોરે ૧૨ઃ૦૦ કલાકે રાખેલ છે. તો રસ ધરાવતી એજન્સીઓને ભાગ લેવા જણાવવામાં આવેલ છે.

**હરરાજીની શરતો :**

૧. પ્રાથમિક શાળાના આ કાટમાળના ઈમલાની અપસેટ કિંમત રૂપિયા ૧૨૦૦૦ નકિક થયેલ છે.
૨. આસામીઓએ આ કિંમતથી વધારે બોલી કરવાની રહેશે.
૩. હરરાજીનાં ભાગ લેનારે તમામે રૂા. ૨૦૦૦ ડિપોઝીટ ભરવાની રહેશે. ડિપોઝીટ નહિ ભરનાર વ્યકિત હરરાજીમા ભાગ લઈ શકશે નહિ.
૪. હરરાજીની તારીખથી વધુમાં વધુ ૨૦ દિવસમાં આસામીઓએ પોતાના ખર્ચે અને જોખમે કાટમાળ નો ઈમલો પાડી મેદાન સાફ કરી આપવાનું રહેશે.
૫. ઈમલો પાડતી વખતે કોઈ આકસ્મીક બનાવ બને અને જાનમાલને નુકસાન થાય તેની સંપૂર્ણ જવાબદારી હરરાજીમા ઈમલો રાખનારની રહેશે.
૬. ઈમલો રાખનારે બાકી રહેતી રકમ સ્થળ પર જ શાળાના આચાર્યશ્રીને રોકડેથી ભરવાની થાય છે.
૭. આખરી બોલ મંજુર કરવાનો કે હરરાજી મોકુફ રાખવાની શરતો રજુ કરનાર પ્રાથમિક શાળા–ઉટીયાની રહેશે.
૮. ક્રમ નંબર ૧ થી ૭મા જણાવેલ હરરાજીની શરતોનુ પાલન કરવામાં નહી આવે તો ભરવામાં આવેલ ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

એસ.એમ.સી કમિટી ઉટીયા પ્રા. શાળા

આચાર્યશ્રી
સંજયભાઈ બી. મકવાણા
ઉટીયા પ્રા. શાળા

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# લાઠીનાં શેખપીપરીયા ગામે રૂપિયા ૧.૯૦ કરોડનાં ખર્ચે માધ્યમિક શાળા બનશે

### સ્થાનિક વિસ્તારનાં શિક્ષણપ્રેમીઓમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૬

લાઠી તાલુકાના શેખ પીપરીયા ગામે શિક્ષણ ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ વિકાસકાર્યને સાકાર કરતાં રૂ. ૧.૯૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવી માપ્રયમિક શાળાના ભવનનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે વિધિવત્ સંપન્ન થયું. આ પ્રસંગે ગ્રામજનો, શિક્ષણપ્રેમીઓ, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહી આનંદ વ્યકત કર્યો હતો.

કાર્યક્રમની શરૂઆત વૈદિકમંત્રોચ્ચાર સાથે ભૂમિપૂજન વિધિ દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ નવા શાળા ભવનના નિર્માણને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ઐતિહાસિક ભેટ ગણાવી હતી. નવી શાળાનું ભવન આધુનિક સુવિધાઓથી સજ્જ બનશે, જેના પરિણામે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત અને સુવિધાસભર શૈક્ષણિક વાતાવરણ પ્રાપ્ત થશે.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે રાજય સરકાર શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને શહેર જેવી ગુણવત્તાયુકત શિક્ષણ સુવિધા મળે તે માટે સતત નવા શૈક્ષણિક માળખાં ઉભાં કરવામાં આવી રહ્યા છે. નીલવડા ગામમાં નવી માધ્યમિક શાળાનું નિર્માણ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને વધુ સગવડ, સુરક્ષિત વાતાવરણ અને આધુનિક શૈક્ષણિક સુવિધાઓનો લાભ મળશે. તેમણે જણાવ્યું કે શિક્ષણમાં કરાયેલું રોકાણ એ સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટેનું સૌથી મોટું રોકાણ છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ગામડાં સુધી વિકાસના કાર્યો ઝડપભેર આગળ વધી રહ્યા છે. શિક્ષણ, આરોગ્ય, માર્ગ, પીવાનું પાણી અને અન્ય પાયાની સુવિધાઓમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારનો સર્વાંગી વિકાસ શકય બન્યો છે.

ઉપસ્થિત આગેવાનોએ પણ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે નવી માધ્યમિક શાળાના નિર્માણથી શેખ પીપરીયા તથા આસપાસના ગામોના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે દૂર જવાની જરૂરિયાત ઘટશે અને શિક્ષણનું સ્તર વધુ મજબૂત બનશે.

કાર્યક્રમમાં ગામના દાતાઓ, તાલુકા પંચાયતના પ્રમુખ તથા સદસ્યો, સંગઠનના કાર્યકર્તાઓ, સ્થાનિક આગેવાનો, ગામના સરપંચ તથા ગ્રામ પંચાયતના હોદ્દેદારો, શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, ભાજપના કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અંતે સૌએ નવી શાળાનું નિર્માણ સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ થાય તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

### સ્ત્રીઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતી

# અમરેલીની તેજસ્વીની વુમન્સ કલબ દ્વારા નૃત્ય સ્પર્ધા યોજાય

### પ્રથમ ચેતના લેઉવા તથા હીરવા વિઠલાણી દ્વિતીય વિજેતા



અમરેલી, તા.૧૬

સ્ત્રીઓના સર્વાંગી વિકાસ માટે જાણીતી તેજસ્વીની વુમન્સ કલબ દ્વારા ગત તા.૧૧ ના રોજ અમરેલીના હોટલ સુર્યા ગાર્ડન ખાતે ભવ્ય નૃત્ય હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૧૫ સોલો અને ગ્રુપ નૃત્ય કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સ્પર્ધામાં ચેતના લેઉવા પ્રથમ અને હીરવા વિઠલાણી દ્વિતીય ક્રમે વિજેતા બન્યા હતા.

અમરેલીની તેજસ્વીની વુમન્સ કલબ દ્વારા મહિલાઓમાં રહેલી કલાને પ્રોત્સાહન આપવાના હેતુથી હોટલ સુર્યા ગાર્ડન ખાતે નૃત્ય સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં કુલ ૧૫ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં સોલો અને ગ્રુપ બંને પ્રકારના નૃત્યોનો સમાવેશ થતો હતો. સ્પર્ધકો દ્વારા રજૂ કરાયેલા વિવિધ શૈલીના નૃત્યોએ ઉપસ્થિત મહેમાનો અને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સ્પર્ધાના અંતે નવકાર એકેડેમીના કેતન મહેતાએ જજ તરીકેની ભૂમિકા ભજવી હતી.તેમના નિર્ણય મુજબ પ્રથમ ક્રમાંક ચેતના લેઉવાએ મેળવ્યો હતો. જયારે દ્વિતીય ક્રમે હીરવા વિઠલાણી રહી હતી.

કલબના પ્રમુખ આશા દવેએ જણાવ્યું કે 'મહિલાઓને મંચ પૂરો પાડી તેમની પ્રતિભાને બહાર લાવવાનો આ અમારો પ્રયાસ છે. કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન થયો છે અને ભવિષ્યમાં પણ આવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.'સમગ્ર કાર્યક્રમને તેજસ્વીની વુમન્સ કલબની બહેનોએ ભારે જહેમતથી સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગર : ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે બાળસાહિત્ય સર્જન કાર્યશાળાનું સફળ આયોજન



અમરેલી, તા. ૧૬

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને વિભારતી સંસ્થાના સંયુકત ઉપક્રમે 'જૂઈ મેળો બાળસાહિત્ય સર્જન કાર્યશાળા'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય આ કાર્યશાળામાં બાળસાહિત્ય સર્જનના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન તેમજ સર્જનાત્મક અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડો. ટી.એસ. જોષી, કાર્યશાળાના સંયોજક ડો. ઉષાબેન ઉપાધ્યાય, યુનિવર્સિટી સંયોજક ડો. સંજય પટેલ, બાળસાહિત્યના અભ્યાસી ડો. શ્રધ્ધા ત્રિવેદી, વિભાગાધ્યક્ષ ડો. રાકેશ પટેલ તથા સુપ્રસિધ્ધ બાળસાહિત્યકાર શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. બેદિવસીય કાર્યશાળામાં ડો. શ્રધ્ધા ત્રિવેદીએ બાળસાહિત્યના વિવિધ સ્વરૂપોમાં સર્જન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ ડો. ઉષા ઉપાધ્યાય અને શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટે પણ બાળસાહિત્ય સર્જનના વિવિધ આયામો અને સર્જન પ્રક્રિયા અંગે માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.બાળસાહિત્ય સર્જન કાર્યશાળાના અંતે સહભાગીઓ દ્વારા સર્જિતકૃતિઓનું પ્રસ્તુતીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૨ બાળ કાવ્યો અને ૧૨ બાળવાર્તાઓ રજૂ કરવામાં આવી હતી. નવોદિત સર્જકોની આ કૃતિઓમાંથી પસંદગી પામેલ બાળ કાવ્યો અને બાળવાર્તાઓને બાયસેગના માધ્યમથી વીડિયો રેકોર્ડિંગ કરી સમગ્ર ગુજરાત સુધી પહોંચાડવા માટે પસંદ કરવામાં આવી હતી.આ કાર્યશાળામાં ભાગ લેનાર તમામ શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે માનનીય કુલપતિ ડો. ટી.એસ. જોષીએ બે દિવસીય કાર્યશાળાની ઉત્તમ ફલશ્રુતિ અંગે સંતોષ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, બાળસાહિત્યના સર્જનને પ્રોત્સાહન આપતી આવી પ્રવૃત્તિઓ સતત યોજાતી રહેવી જોઈએ. તેમણે 'જૂઈ મેળો'ના માધ્યમથી બહેનોને સર્જનાત્મક અભિવ્યકિત માટે ઉત્તમ મંચ ઉપલબ્ધ કરાવવા બદલ ડો. ઉષાબેન ઉપાધ્યાય અને સમગ્ર આયોજન ટીમને અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી હતી.

### સદીનાં મહાનાયક મહમંદ રફી સાહેબને સ્વરાંજલિ અર્થે

# અમરેલીમાં આગામી રવિવારે ''યાદ ના જાયે બિતે દિનો કી'' સંગીતોત્સવ

### સિંકદરખાન પઠાણ આયોજીત સંગીતોત્સવમાં અનેક નામી સિંગર દ્વારા રફી સાહેબનાં અનમોલ ગીતોની રજુઆત કરાશે

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં ૧૯ જુલાઈનાં રવિવારે રાત્રિનાં ૯:૩૦ કલાકે હોટેલ એન્જલ બેન્કવેટ હોલ, માણેકપરા ખાતે સદીનાં મહાનનાયક મહમંદ રફી સાહેબને ૪૬મી સ્વરાંજલિ નિમિત્તે ''યાદના જાયે બિતે દિનોકી'' સંગીતોત્સવમાં નામી કલાકારો સ્વરાંજલિ અર્પણ કરશે.

આ કાર્યક્રમમાં સલીમભાઈ જામ, સિંકદરખાન પઠાણ, મયુરી સોની, લયાબા રાજપુત, બિપિન મકવાણા, ચંદ્રેશ ધોળકીયા ગીત રજુ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૯૧થી અમરેલી ખાતે સિકંદરખાન પઠાણ દ્વારા સ્વરાંજલી કાર્યક્રમ રજુ કરવામાં આવી રહ્યા છે.




# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનનાં વિદ્યાર્થીઓ ત્રિમૂર્તિ મંદિરના દર્શન અને પ્રકૃતિના સાનિધ્યમાં



અમરેલી, તા. ૧૬

શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલીના વિદ્યાર્થીઓએ આજરોજ અમરેલીમાં આવેલ ત્રિમૂર્તિ મંદિર (દાદા ભગવાન મંદિર) જઈ દર્શન કરી આધ્યાત્મિક અને શ્રધ્ધા–ભકિતનું ભાથું બાંધ્યું હતું. બાળકોમાં સંસ્કાર અને શ્રધ્ધાના ભાવ જન્મે, ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ નિર્માણ થાય તેવા હેતુથી શ્રીજી વિદ્યાર્થી ભુવનના વિદ્યાર્થીઓ એક દિવસ માટે ત્રિમૂર્તિ મંદિરે ગયા હતા.

ત્યાં આવેલા મેદાનમાં અને બાળકોના વિભાગમાં જી વિવિધ રમતો રમ્યા હતા પ્રકૃતિના ખોળે શાંતિ અને આનંદની અનુભૂતિ કરી હતી. વિવિધ વિભાગોમાં ફરીને તેમજ કેન્ટીનમાં મનગમતો નાસ્તો કરી ખુબ આનંદિત થયા હતા. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના પ્રયત્ન કરનાર શિક્ષકગણને સુંદર આયોજન માટે સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા.

### રામાધાણી મિત્ર મંડળ દ્વારા

# રાજુલાના ખંભાળીયા ગામે અષાઢી બીજની ઉજવણી

### મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો



રાજુલા, તા.૧૬

રાજુલાના ખંભાળીયા ગામે આજે રામાધાણી મિત્ર મંડળ દ્વારા અષાઢી બીજનું આયોજન કરવામાં આવેલ.

આ ધાર્મિકોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિકજનોએ જોડાઈને ધન્યતા અનુભવી હતી.

# સાવરકુંડલામાં સૂર્યોદયનો અલભ્ય નજારો



ઉનાળો પૂર્ણ થતાં જ હવે દિવસની અવધિ ધીમે–ધીમે ટૂંકી થઈ રહી છે અને રાત્રિનો સમયગાળો લંબાઈ રહ્યો છે, ત્યારે સાવરકુંડલાના સીમાડે વહેલી સવારે પ્રકૃતિનું એક અનોખું અને અલભ્ય ચિત્ર ઉપસી આવ્યું હતું. સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલ અંતરિયાળ સીમાડાના વિસ્તારમાં, જયાં હજુ ખેતરો, પક્ષીઓ અને થોડા–ઘણા બચેલા વૃક્ષો અડીખમ ઊભા છે, ત્યાં વહેલી સવારે મોર્નિંગ વોક દરમિયાન સૂર્યોદયનો એક અદભુત નજારો જોવા મળ્યો હતો. રસ્તામાં વરસાદી પાણીથી ભરાયેલા ખાબોચિયાં જાણે કોઈ નાનકડું તળાવ હોય અને તેમાં વિહરતા ક્રેન (બગલા) પક્ષીઓની હાજરી આ વાતાવરણને વધુ જીવંત બનાવતી હતી. સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીના કેમેરામાં સવારે ૬:૨૦ કલાકે સૂર્યોદયનો આ અલભ્ય નજારો કેદ થયો હતો.

આપણી ભારતીય સંસ્કૃતિમાં બ્રહ્મ મુહૂર્તમાં વહેલા ઊઠી, પ્રભાતક્રિયાઓ પૂર્ણ કરીને ઈશ્વરની આરાધના અને સેવા–પૂજા કરવાનો ભવ્ય રિવાજ વર્ષોથી રહ્યો છે. પરંતુ જયારથી ભારતીય જનજીવનમાં પશ્ચિમી સંસ્કૃતિ (વેસ્ટર્ન કલ્ચર) નો પ્રવેશ થયો છે, ત્યારથી લોકોની દિનચર્યામાં મોટો બદલાવ આવ્યો છે. લેટ નાઈટ ઉજાગરા, મોડી રાત્રે ખાનપાન અને સવારે મોડા ઊઠવાની આધુનિક આદતોને કારણે આજની પેઢી માટે સૂર્યોદયના જીવંત દર્શન કરવા એ માત્ર વીડિયો કે ફોટા પૂરતા જ સીમિત રહી ગયા છે. તેવામાં અંતરિયાળ વિસ્તારમાંથી લેવાયેલી સૂર્યોદયની આ તસવીર આજના વ્યસ્ત અને બદલાયેલા જીવનમાં પ્રકૃતિના અસલી સૌંદર્યનો અહેસાસ કરાવે છે.

આપણી સંસ્કૃતિમાં સૂર્યને માત્ર એક તારો નહીં પણ 'સૂર્યનારાયણ' તરીકે પૂજવામાં આવે છે. આજે સવારે સૂર્યોદયનો સમય ૬:૦૩ વાગ્યાનો હતો, પરંતુ વાદળછાયા આકાશ વચ્ચેથી જયારે સૂર્યદેવે દર્શન દીધા ત્યારે વાદળોની ઓથમાં તેઓ એક લાલચટક થાળી જેવા ઘાટમાં દેખાતા હતા. આ નયનરમ્ય અને મનમોહક દ્રશ્ય જોનારના મનને શાંતિ અર્પે તેવું હતું.

આજના આ સુંદર પ્રભાતની વિશેષતા એ પણ છે કે આજથી પવિત્ર અષાઢ મહિનાના પ્રારંભ સાથે જ 'ગુપ્ત નવરાત્રિ'નો પણ પ્રારંભ થયો છે. આધ્યાત્મિક દ્રષ્ટિએ આરાધના, જપ, તપ અને સાધના કરવા માટેના આ આગામી નવ દિવસો અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આવા ભકિતસભર પર્વના પ્રારંભે જ સૂર્યનારાયણના આવા દિવ્ય દર્શન થવા એ પ્રકૃતિ અને સંસ્કૃતિના સુભગ સમન્વય સમાન છે.

### અખબારી અહેવાલની અસર

# દામનગરમાં પુલ ઉપર પડેલ ખાડામાં થીગડા મારી રાહત કરાવી

### ધકેલ પંચા દોઢસો જેવી વાત થઈ



દામનગર, તા. ૧૬

દામનગરમાં ભૂરખીયા ચોકડી પાસે આવેલ નવા બનાવેલ પુલ ઉપર પડેલ જોખમી ખાડાઓનો અહેવાલ અખબારોમાં પ્રસિદ્ધ થતાં અને એક નાગરિકે અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખને ટેલીફોનીક રજુઆત કરાતા, જવાબદાર અધિકારીને સુચના અપાતા પુલ ઉપર પડેલ ખાડાઓ ઉપર ડામર–કપચીથી કામ ચલાઉ થીગડા મારવામાં આવ્યા છે તે પણ લેવલ વગરના એટલે કે, નાના એવા કામમાં પણ વેઠ ઉતારવામાં આવતા વાહનચાલકો માટે થોડીક રાહત થઈ છે. વાહ વિકાસ.!

# ૧૭ જૂલાઈ, ''વર્લ્ડ ડે ફોર ઈંટરનેશનલ જસ્ટીસ'' જસ્ટીસ ડીલેયડ ઈઝ જસ્ટીસ ડીનાઈડ



અમરેલી, તા. ૧૬

''વર્લ્ડ ડે ફોર ઈંટરનેશનલ જસ્ટીસ'' દર વર્ષે ૧૭ જુલાઈનાં દિવસે ઉજવવામાં આવે છે. તેને ''ઈંટરનેશનલ ક્રિમીનલ જસ્ટીસ ડે'' અથવા ''ઈંટરનેશનલ જસ્ટીસ ડે'' પણ કહેવાય છે. આ ન્યાયનો દિવસ છે. મુખ્યત્વે સમગ્ર વિમાં ન્યાય માટેની જાગૃતતા ફેલાય તે હેતુથી આ દિવસ ઉજવવામાં આવે છે. ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા, લિંગ કે શારીરિક જાતિભેદ વેગેરે વિષયો પર અનિચ્છનીય પ્રકારે ચાલી રહેલી તમામ બાબતોનો વિરોધ કરવા તેમજ ન્યાય મેળવવાનાં હેતુથી સમગ્ર સૃષ્ટિને જાગૃત કરવાનો આ દિવસ છે. સમગ્ર વિમાં શાંતિ અને આનંદ અવિરત રહે તે માટે સર્વે એકત્ર થઈને ન્યાયની માંગણી કરે છે. ન્યાય વિષે જો ઊંડાણમાં અભ્યાસ કરીએ તો ભારતનાં બંધારણમાં મનુષ્યને મૂળભૂત અધિકારો આપ્યા છે. સ્વતંત્રતા, સમાનતા, શિક્ષણ મેળવવાનો અધિકાર જેવા અધિકારોનો માણસ સર્વ રીતે ઉપયોગ કરે છે, પરંતુ સૃષ્ટિમાં માત્ર મનુષ્ય જ નથી રહેતા એ વાત ખાસ નોંધી લેવા જેવી છે. મનુષ્ય સાથે સૃષ્ટિમાં પશુ, પંખી, પ્રાણી તમામ એકીસાથે વસવાટ કરે છે. આ તમામ મનુષ્યની સાથે સાથે જ સૃષ્ટિને ચલાવવામાં કોઈ ન કોઈ રીતે નિમિત્ત બને છે. વળી મનુષ્યનું તો અસ્તિત્વ જ પશુ – પક્ષીઓ પાસેથી મળી રહેતી સાધન સામગ્રીઓથી જ ટકી રહ્યો છે. આવા સમયે માણસની માફક તેઓ પણ ન્યાયનાં એટલા જ અધિકારી છે તેવું કહેવું જરા પણ અતિશયોકિત ભર્યું નથી. મનુષ્યનો જેમ આ જીવન પર અધિકાર છે તેમ પશુ, પક્ષી, પ્રાણીઓનો પણ છે. અહીં સહજીવનનો સિદ્ધાંત કાર્ય છે. કોઈ ન કોઈ રીતે જોવા જઈએ તો એ બાબત સત્ય જ છે કે માનવ જાતની ખુબ મોટી, ગંભીર ભૂલો છે જેનાં કારણે કોરોના જેવી બીમારીઓ અસ્તિત્વમાં આવી છે માટે વર્તમાન સમયથી જ માણસે સમગ્ર સૃષ્ટિનું જતન કરવું જ રહ્યું. આ ''વિ ન્યાય દિવસ'' પર ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા જેવા દુષણોને દુર કરવાની સાથે સાથે માણસની અંદર રહેલા દુષણોનો પણ સંહાર કરીને આત્માને ન્યાય આપવાની શરૂઆત કરીએ. સમગ્ર સૃષ્ટિ એક છે. વિનાં બધાં જ પ્રાણીઓ જીવન માટે એકમેક પર આધાર રાખે છે માટે સૌનું રક્ષણ કરીએ અને પાપ, પુણ્ય જેવા સીમાડાઓથી દુર રહીને આત્માને સંતોષ આપતા કાર્યો કરીએ, જેથી સાચા અર્થમાં ન્યાય આપીને ન્યાય મેળવી શકીએ.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### ધો.૬ થી ૧૨ વિદ્યાર્થીઓ માટે

# નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ દ્વારા પ્રતિયોગીતાનું આયોજન

### ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ કરાયું

અમરેલી, તા.૧૬

નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (એનસીએસસી) ૨૦૨૬–૨૭ વિદ્યાર્થીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન ચાલુ થઈ ગયું છે.

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ( ડી.એસ.ટી) ગવર્મેન્ટ ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા ધોરણ–૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ના નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (એનસીએસસી–૨૦૨૬ પ્રતિયોગીના યોજનાર હોય, જીલ્લાના વધુમાં વધુ વિદ્યાર્થીઓએ સહભાગી થવા ઓન લાઈન રજીસ્ટ્રેશનની લિંક નીચે મુજબ છે. https://www.n-csc.in

# લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી



લીલીયા, તા. ૧૬

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે ઈન્ચાર્જ પી.એસ.આઈ એચ.એમ.અગ્રાવતના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક મળી જેમાં આગામી સમયમાં આવતા તહેવારો અને વિસ્તારમાં શાંતિ તેમજ કોમી એકતાનું વાતાવરણ જળવાઈ રહે તેવા હેતુસર લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે એક મહત્વપૂર્ણ શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બેઠક લીલીયા મોટા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ અગ્રાવતના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠક દરમિયાન ઈન્ચાર્જ પીએસઆઈ અગ્રાવત દ્વારા ઉપસ્થિત તમામ નાગરિકોને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસને સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓથી દૂર રહેવા અને ભાઈચારો જાળવી રાખવા અંગે ખાસ ચર્ચા કરવામાં આવી હતી.આ શાંતિ સમિતિની બેઠકમાં સરપંચ વિજય શેખલીયા, પૂર્વ સરપંચ જીવનભાઈ વોરા,મુકેશભાઈ શિરમાન, મુસ્તાક બેલીમ, ભાસ્કરભાઈ પટેલ, સલીમ બેલીમ સહિત બંને સમાજના સામાજિક અને રાજકીય આગેવાનો, સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

આંખના રોગોના નિષ્ણાંત મોતિયો–વેલ છારીના ઓપરેશનના નિષ્ણાંત
ડો. પુજા ચોટાઈ
(M.S.-Ophthal) ફુલ ટાઈમ
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

ગત રાત્રિનાં બઘડાટી બોલી

# ચિત્તલ ખાતે ૨ ઈસમોએ જામીન મુક્ત થયેલ યુવક ઉપર કર્યો હુમલો

## કપાળ અને જમણી આંખ ઉપર છરી ઝીકી

અમરેલી, તા. ૧૬

અમરેલીનાં ચિત્તલ ગામે રહેતા આરોપી ઉદય રાજેશ ઉર્ફે ગટો પંડયાના પિતાના થયેલ ખુન બાબતે હાલ ચિત્તલ ગામે રહેતા સત્યદીસિંહ પદુભા સરવૈયા નામના ૩૮ વર્ષિય યુવક હાઈકોર્ટમાંથી હાલ જામીન મુકત થયેલ હોય, જેનું મનઃદુખ રાખી ગત તા. ૧૦ના રોજ રાત્રે ૯:૪૦ વાગ્યાના સુમારે ચિત્તલ ગામે આવેલ ચામુંડા ગેરેજ પાસે આરોપી ઉદય રાજેશ ઉર્ફે ગટો પંડયા તથા એક અજાણ્યા માણસ ધ્વારા યુવકને પાઈપ વડે વાહાના ભાગે માર મારેલ અને તે યુવક ભાગવા જતાં પડી ગયેલ હતા. ત્યારે અજાણ્યા ઈસમે યુવકના બંને હાથ પકડી લીધેલ અને આ ઉદય પંડયાએ છરી વડે યુવકને જાનથી મારી નાખવાના ઈરાદે જમણા હાથ પર તથા કપાળ ઉપર તથા જમણી આંખ ઉપર છરી મારી દઈ ગંભીર ઈજાઓ પહોંચાડી જીવલેણ હુકલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

એક અજાણી મહિલા સહિત પાંચ વ્યકિતઓનું કારસ્તાન

# કુંકાવાવનાં રાંદલનાં દડવા ગામનાં ખેડૂતને બળાત્કારનાં કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૫૮ હજાર પડાવી લીધા

## લાઠીથી અજાણી મહિલાએ બાઈકમાં લિફ્ટ માંગીને બાદમાં ખેડૂતને ફસાવ્યા

અમરેલી, તા. ૧૬

કુંકાવાવ તાલુકાના દડવા (રાંદલના) ગામે આવેલ સ્વામીનારાયણ પ્લોટ વાળી શેરીમાં રહેતા વિઠ્ઠલભાઈ ખોડાભાઈ ટાઢાણી નામના ૪૩ વર્ષીય ખેડૂત આધેડ ગત તા. ૧૫ ના રોજ સવારના પોણા અગ્યારેક વાગ્યે પોતાનુ મોટર સાયકલ લઈને તેની દિકરીની તબીયત પુછવા માટે દામનગર મુકામે જતા હતા. ત્યારે લાઠી ભવાની સર્કલ પાસે પહોચતા એક અજાણી મહીલા આરોપીએ હાથ ઉંચો કરી આધેડનું મોટરસાયકલ ઉભુ રખાવી ભુરખીયા સુધીની લીફ્ટ માંગી હતી.

તેણી આધેડ સાથે તેમના મોટર સાયકલમાં બેસી ભુરખીયા ગામે આવેલ ગેટ પાસે આવતા તેણીએ સરોવર પાસે ફોટા પાડવાની વાત કરી અને આધેડને મોટર સાયકલ ઉભુ રખાવતા જ નિલેષ ગૌસ્વામી તથા

અનુસંધાન પાના ૬ ઉપર

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનેલ માર્ગમાં પડયા ગાબડા

# લ્યો બોલો : સાવરકુંડલા–હાથસણી વચ્ચેનાં માર્ગનાં કામમાં દે ધનાધન : વાહનચાલકો સહિત સૌ પરેશાન

## સ્થાનિક આગેવાનો અને વાહનચાલકોએ હૈયાવરાળ ઠાલવી



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા–હાથસણી રોડ છેલ્લા લાંબા સમયથી ભાર વિવાદોમાં ઘરાયલો છે. સરકાર દ્વારા આ રોડની કાયાપલટ કરવા માટ રૂપિયા ૪ કરોડ ૧૦ લાખ જવી માતબર રકમ મંજૂર કરવામાં આવી હોવા છતાં, આજની તારીખ અહીં રોડ માત્ર અક નાના અમથા કટકામાં જ..! અહીં રોડ કરતા જીવલણ ખાડાઓ વધાર જાવા મળી રહ્યા છ. જનતા ધૂળની ડમરીઓ અન અકસ્માતોનો સામનો કરી રહી છ. કટક–કટક બનલા રોડમાં પણ ભ્રષ્ટાચારની તિરાડો !

આ રોડ જાણ એન્જિનિયરિંગનો અજૂબો હોય તમ આડધડ રીત બનાવવામાં આવ્યો છ. રોડની અક બાજુ નાના નાના થોડાક આર.સી.સી. રોડના કટકા બનાવવામાં આવ્યા છે, જયારે બીજી બાજુનો રસ્તો બિસ્માર અને ખાડાઓથી ખદબદતો રાખવામાં આવ્યો છે. અને નવાઈની વાત એ છે કે, જે નવો સીસી રોડ બનાવવામાં આવ્યો છે તેમાં પણ અત્યારથી જ મોટી–મોટી તિરાડો પડી ગઈ છે ! હલકી ગુણવત્તાના કામ અંગ સ્થાનિકોએ વ્યાપક ફરિયાદો કરવા છતાં, જવાબદાર કોન્ટ્રાકટર સામે કડક શિક્ષાત્મક પગલાં ભરવા કે દંડ ફટકારવાન બદલ માત્ર 'લીપાપોતી' કરી રિપરિંગની સૂચના આપીન વહીવટી તંત્રએ આખો મામલો થાળ પાડી દીધો હોવાના ગંભીર આક્ષપો થઈ રહ્યા છે.

નગરપાલિકા અન જિલ્લા પંચાયત બંનમાં સત્તાધારી પક્ષ ભાજપનું શાસન હોવા છતાં, આ બંન

અનુસંધાન પાના ૬ ઉપર

જિલ્લા પંચાયતનાં સદસ્યા મીનાબેન કોઠીવાળ દ્વારા

# બાબરાનાં ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ, માર્ગ, પશુપાલન સહિતની સુવિધા અંગે ઉચ્ચકક્ષાએ રજુઆત

## ગ્રામ્ય જનતાનાં હિતમાં રજુઆત થતાં જનતા ખુશ



બાબરા, તા. ૧૬

અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતી મીનાબેન પ્રભાતભાઈ કોઠીવાળાએ બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના જનહિતના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે રાજય સરકાર અને સંબંધિત વિભાગો સમક્ષ સતત અસરકારક રજૂઆતો કરી છે. શિક્ષણ, માર્ગ વ્યવસ્થા, એસ.ટી. બસ સેવા અને પશુપાલન જેવી મૂળભૂત સુવિધાઓને લગતા અનેક મહત્વપૂર્ણ પ્રશ્નોને પ્રાથમિકતા આપીને તેમણે લોકોની માંગ સરકાર સુધી પહોંચાડી છે.

તાઈવદર ગામમાં ધોરણ ૮ પછી વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે દૂર જવું પડે છે અને ખાસ કરીને દીકરીઓના શિક્ષણમાં મુશ્કેલીઓ ઊભી થાય છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ગામમાં ધોરણ ૯ અને ૧૦ની હાઈસ્કૂલ શરૂ કરવાની રજૂઆત મુખ્યમંત્રી સમક્ષ કરવામાં આવી છે.

ઘુઘરાળા ગામમાં પશુપાલકોને સમયસર સારવાર મળી રહે તે માટે ૧૯૬૨ પશુ સારવાર એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવાની રજૂઆતના અનુસંધાને જિલ્લા કક્ષાએથી રાજય સરકારને સત્તાવાર ભલામણ પણ મોકલવામાં આવી છે.

બળેલ પીપરીયા ગામની જર્જરિત શાળાને બદલે નવું અને આધુનિક શાળા ભવન, આચાર્ય કક્ષ

અનુસંધાન પાના ૬ ઉપર

નગરસેવકે ઓનલાઈન ફરિયાદ કર્યા બાદ

# લ્યો બોલો : સાવરકુંડલા પાલિકાએ રખડતા આખલાની સમસ્યા માત્ર કાગળ પર દુર કરી

## સરકારનુ ઈ–નગર પોર્ટલ શોભાના ગાંઠીયા સમાન બન્યાનો આક્ષેપ

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરમાં લાંબા સમયથી રસ્તાઓ પર રખડતા આખલાઓનો આતંક ફેલાયલો છે, જેના કારણે નાગરિકોમાં ભયનો માહોલ છે. આ મામલે નગરસેવકએ ઈ–નગર પોર્ટલ પર ઓનલાઈન ફરિયાદ નં. ૦૧૮૨૬૨૭૦૦૩૨૦૯ નોંધાવી રખડતા આખલાઓન પકડી પાંજર પૂરવા રજૂઆત કરી હતી.

પરંતુ નગરપાલિકાના સંબંધિત અધિકારીઓ અન તંત્રએ કોઈ પણ પ્રકારની કામગીરી કર્યા વિના, સ્થળ પર આવ્યા વગર જ માત્ર કમ્પ્યુટર અન કાગળ પર જાદુઈ રીત કામગીરી દર્શાવી આ ફરિયાદને 'સફળતાપૂર્વક ઉકલાઈ ગઈ છે' તેમ કહી કલોઝ કરી દીધી છે. આ બાબત જનતામાં ભાર હાસ્ય અન રોષ બંને ફેલાયો છે.

નગરસેવક ધર્મેન્દ્રભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, " અધિકારીઓ અન પદાધિકારીઓ

અનુસંધાન પાના ૬ ઉપર

એસપીની સુચનાથી એલસીબીની કામગીરી

# મોટા માચીયાળામાં તીનપતીનો જુગાર રમતાં ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા

## રૂપિયા ૪૬,૬૦૦ની રોકડ કબ્જે કરાઈ

અમરેલી, તા. ૧૬

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમને મળેલ બાતમીના આધારે અમરેલી તાલુકાના મોટા માચીયાળા ગામે જુગાર અંગે દરોડો પાડી જુગાર રમતા તાલુકાના મોટા માચીયાળા ગામે રહેતા મુસ્તાકભાઈ ઉર્ફે ઝાડવો મહંમદભાઈ કુરેશી તથા લાઠી ગામે રહેતા અમીતભાઈ જેઠાભાઈ જાદવ, શાંતિભાઈ રાઘવભાઈ સોલંકી, સફરાજભાઈ ઉર્ફે સફુ સાહીલભાઈ સેતા, સફરાજભાઈ ફેજુભાઈ મલેક તથા પરેશભાઈ કરશનભાઈ બતા સહિત છ ઈસમોને જાહેરમાં પૈસા તથા ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૪૬,૬૦૦ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

લાંચખોરી સામે ACBનો વધુ એક પ્રહાર

# ઉના પોલીસ સ્ટેશનમાં GRD જવાન રૂા. ૫૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

## ચાલ–ચલગતનો દાખલો કાઢી આપવા રૂા. ૫૦૦થી રૂા. ૧૦૦૦ની લાંચની માંગણી



ઉના, તા. ૧૬

ગીર સોમનાથ જિલ્લામાં લાંચખોરી સામે એન્ટી કરપ્શન બ્યુરો એસીબીએ વધુ એક સફળ કાર્યવાહી કરી છે. ઉના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જીઆરડી જવાન સંજયભાઈ કરશનભાઈ મકવાણાને ચાલ–ચલગતનો દાખલો કાઢી આપવા બદલ લાંચ લેતા પોરબંદર એસીબીએ રંગેહાથ ઝડપી પાડયા છે.

એસીબીએ એક જાગૃત નાગરિક ધ્વારા ફરિયાદ કરવામાં આવી હતી કે, તેમના મિત્રોનો ચાલ–ચલગતનો દાખલો કાઢી આપવા માટે સંજયભાઈ મકવાણાએ રૂા. ૫૦૦થી રૂા. ૧૦૦૦ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદની પ્રાથમિક ચકાસણી દરમિયાન આક્ષેપ સાચા જણાતા પોરબંદર એસીબીએ ટ્રેપ ગોઠવી હતી.

ઉના પોલીસ સ્ટેશનના ક્રાઈન રાઈટરના રૂમમાં ટ્રેપ ગોઠવવામાં આવી હતી. દરમિયાન આરોપીએ ફરિયાદી પાસેથી રૂા.

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીમાં બંગલો વેચવાનો છે
અમરેલીમાં ૩ બેડરૂમ, ફુલ ફર્નીચર, સોલાર સાથે કોર્નર સાઈડનો બંગલો વેચવાનો છે
:: સ્થળ ::
ગંગાવિહાર, લાઠી રોડ, અમરેલી
મો : ૮૮૫૮૭ ૩૩૩૩૩

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Namkeen)
• Cashier - 1
• Sales Co - Ordinator - 2
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)